# વેદનાના વમળ

ચૌહાણ દલપતસિંહ જે.
ચૌહાણ મહેન્દ્રસિંહ જે.

-: પ્રકાશક :-
**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**VEDNA NA VAMAD**
by
***Chauhan Dalpatsinh J.***
***Chauhan Mahendrasinh J.***
Nagval, Ta. Mahudha, Dist. Kheda

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

ટાઈપ સેટીંગ :-
*Mayur's*

વિક્રેતા :-
**એમ. એમ. સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ

મુદ્રક :-
**ગીતા પ્રિન્ટીંગ પ્રેસ, ભાદરણ**

## અર્પણ



**સરદાર પટેલ વિજય મંદિર**
**મહોળેલ**
**તા. નડિયાદ જિ. ખેડા**
**સ્ટાફને સહપ્રેમ ભેટ**

## પ્રસ્તાવના....

આજના યુગમાં આપણા સમાજમાં માનવજીવનમાં ડગલે ને પગલે સંઘર્ષ જોવા મળે છે. ગામડામાં એક એવો સમાજમાં છે જેની એક આંખમાં આંસુ છે. જ્યારે બીજી આંખમાં સુખી જીવન જીવવાનાં સ્વપ્ન સચવાયેલાં છે. પરંતુ વેર, વૈભવ, વ્યસન જીવતરને બરબાદ કરી નાખે છે. અને આ વેર, ઝેરના વંટોળમાં મા-બાપ વિનાના બાળકનું જીવન પડકારરૂપ બની જાય છે. ત્યારે એ વેદનાના વમળમાં ફસાય છે.

મારી આ નવલકથા વેદનાના વમળ શિર્ષક પર લખવાનો પ્રથમ પ્રયાસ છે. એમાં મારા પરમ ગુરૂજન જેવા ધર્મેન્દ્રસિંહ રાવલજી તથા પરમમિત્ર મહેન્દ્રસિંહ ચૌહાણનો મને બહુ જ સહયોગ મળેલ છે. એ વતી એમનો હુ ખૂબ જ આભાર માનુ છું. વાચક મિત્રો મારી આ નવલકથા ને આવકારશે એ જ અપેક્ષા.

**દલપતસિંહ ચૌહાણ**
મુ. નગવાલ તા. મહુધા
જી. ખેડા

# પ્રકરણ - ૧

સાંજનો સમય હતો. સૂર્યદેવ પોતાની ફરજ પુરી કરી પૃથ્વી પરથી વિદાય લઈ રહ્યા હતા. આખા દિવસની મજૂરી કરી થાકેલા ખેડૂત ઘર ભણી જઈ રહ્યા હતા. પાદરમાં ઊભો વડલો દરેકજનને આવકારતો હોય એમ ડોલી રહ્યો હતો. ગામના મંદિરમાં આરતીટાણે વાગતો ઘંટરવ સીમાડો ગજવતો હતો.

આ હતું દેવનગર ગામ ત્રણસો-ઘરની વસ્તી ધરાવતું એક નાનકડું ગામ. એમાં કોઈ સુખી ઘર હતુ તો કોઈ દુઃખી, એક જ જ્ઞાતીના લોકો રહેતા હતા. છતાંય કોઈક સારા હતા, તો કોઈક ખરાબ, આ ગામમાં દેવ કરતાં દાનવ વધારે હતા. સારા માણસનું જીવન જોખમમાં મુકાય જતું. સાંજ પડે એટલે દારૂડીઓની મહેફીલ જામતી, જુગારીયાઓની રમતો રમાતી. ક્યારેક કોઈની જીંદગી સાથે રમત રમાતી. આ ગામમાં જશોદા જેવી એક વિધવા બાઈ કપરી જીંદગી જીવી રહી હતી. જીંદગીનો આધાર એકમાત્ર દેવરાજ પોતાના પુત્રનો હતો.

નાની ઉંમરમાં જ વિધવા બનેલી જશોદાએ જીંદગીમાં ઘણા જ તડકાછાંયા જોયા હતા. પોતાના જ દુશ્મન બન્યા હતા. જશોદાના રૂપ



પાછળ ઘેલો બનેલો એનો જેઠ જશોદાને હેરાન કરવામાં કોઈ કસર રાખી નહોતી. હજૂ ગઈ કાલની જ વાત હતી. ગઈકાલે સાંજના સમયે જે ઘટના બની એ જશોદાના જીવનમાં પહેલી-વહેલી હતી. અત્યાર સુધી એ જીંદગીમાં આવતા સુખ દુઃખને પહોંચી વળતી હતી. પરંતુ કાલની ઘટના એના દિલોદિમાગમાં ઉથલ-પાથલ મચાવતી હતી.

રાત્રીભોજન પરવારી ખાટલામાં આડી પડેલી જશોદા પોતાના દીકરાને માથે હાથ ફેરવતી હતી અને જીંદગીમાં વિતી ગયેલા જીવન પ્રવાહમાં ડુબતી જતી હતી. ગઈકાલે સાંજના સમયે જે બનાવ બન્યો હતો. તે આખા ગામમાં જાત-જાતની ચર્ચાનો વિષય બની ગયો હતો. એ દૃશ્ય જશોદાની નજર સમક્ષ તરવરી ઊઠ્યું.

સાંજના સમયે મા-દીકરો ખાટલામાં આડા પડ્યા હતા. જશોદા-દેવરાજને વાર્તા સંભળાવતી હતી, અને તે હુંકારા ભરતો ખીલખીલાટ હસતો હતો. આવા સમયે પ્રભાત મુખીનો દીકરો જેસંગ જેને જશોદાએ પર ધરમનો ભાઈ બનાવ્યો હતો તે પોતાની પત્નિના શ્રીમંતના પ્રસંગમાં એના ઘેર આવવાનું આમંત્રણ આપવા જશોદાને ઘેર આવ્યો હતો.

'જશોદાબેન... એ જશોદાબેન.. ઊંઘી ગયો કે શું?'

'ના..રે..ભાઈ જાગીએ છીએ, મા-દીકરો વાતો કરીએ છીએ. આવો. જેસંગભાઈ, આવો બેસો, એમ કહી જશોદા ઘરમાંથી પાણીનો પ્યાલો ભરી લાવી જેસંગને આખો પાણીનો ઘૂંટ ભરી પ્યાલો પાછો આપતાં જેસંગે વાતની શરૂઆત કરી. બેન, કાલે સવારે મારે ઘેર તમારી ભાભીનું શ્રીમંત છે. એટલે તમારે સવારથી જ આવી જવાનું છે.'

'એ તો મને ખબર છે ભાઈ, તમે ના આવ્યા હોત તો પણ હું તો આવવાની હતી. ભાઈના ઘેર અવસર હોય ત્યાં કઈ બેન ના આવે, તેડાં ના હોય તોય જવુ પડે, ભાઈ મે તો માનતા રાખી છે કે જેસંગભાઈ ના ઘેર

દીકરો જ આવવો જોઈએ. આજે ઘણા વર્ષે ભગવાને તમારી સામુ જોયું. મારા વીરા, આવા પ્રસંગે હું ના આવુ એવુ ના બને.'

બેન લ્યો ત્યારે હું જાઉ હજુ તો ગામમાં બધાને કહેવાનુ બાકી છે. એમ કહી જેસંગ ઊભો થવા જતો હતો ત્યાં જશોદાએ જેસંગનો હાથ પકડી પાછો ખાટલામાં બેસાડતાં કહ્યું, 'ભાઈ જરાવાર બેસો હુ ચા બનાવી લાવુ, એમ કહી એ ઘરમાં ગઈ થોડીવારમાં તો ચા બનાવી પાછી આપી. ચાની ચુસકી ભરતાં બંને ભાઈ-બહેન સુખદુઃખની વાતો કરતાં હતાં. ત્યારે જશોદાને જેઠ મંગળ દારૂના નશામાં ચકચૂર બની લથડીયાં ખાતો ત્યાં આવી પહોંચ્યો.
'કેમ અલ્યા જેસંગ રાત વખતે આવવાનુ થયું?'

'મંગળભાઈ કાલે મારે ત્યાં શ્રીમંત છે એટલે જશોદાબેનને આમંત્રણ આપવા આવ્યો છું.'

હાળા જેસંગા તું આમંત્રણ આપવા આવ્યો છે કે તને આમંત્રણ આપ્યુ છે.

ઘણા વખતથી હું જોતો આવ્યો છું કે તું બેન..બેન કરી શું કરે છે? એ અમને બધી જ ખબર છે એટલે મને ના બોલાડીશ? અહીંથી તારે દીસતો (જતો) રહેવામાં જ ફાયદો છે. એમ કહી મંગળ લથડીયાં ખાતો લવરી કરતો, કરતો જેસંગની નજીક આવ્યો.

મંગળના કવેણથી જશોદા અને જેસંગ પર જાણે વીજળી ત્રાટકી હોય એમ લાગ્યુ.

મોટાભાઈ તમે આ શું બોલો છો એનું તમને ભાન છે? જેસંગભાઈ મારા ભાઈ જેવો છે. વરસોથી હું એમને રાખડી બાંધુ છું ભાઈ-બેન જેવા પવિત્ર બંધન પર આવી ગંદી વાત કરતાં તમને લાજ-શરમ પણ ના આવી? બસ દારૂ ઢીંચીને આવુ મન ફાવે તેમ બોલતા જ આવડે છે.

બંધ કર તારો લવારો કુલટા ! ભાઈનું ખાલી એક નાટક જ છે. બાકી



અંદરની વાત તો જે જાણતા એજ જાણે,..

'મંગળભાઈ, તમે હદ વટાવી રહ્યા છો, તમે રજનુ ગજ કરો છો જશોદાબેન જેવું માણસ આપણા આખા ગામમાં કોઈ નથી. અને તમે આવાં કવેણ બોલો છો, એ સારુ ના કહેવાય. આવી પવિત્ર નારી પર આવાં વેમ કહેતાં તમારું સો વખત વિચાર કરવો પડે, આખુ આયખુ વિધવાપણામાં કાઢી નાખ્યું તોય એમનામાં કોઈ કહેવત નથી આવી, અને આજે તમે પોતાના થઈને આવુ બોલો છો તો કાલે ગામ લોકો શું વિચારશે? એ તો વિચાર કરો!'

જેસંગ ગળગળા અવાજે મંગળને સમજાવતો હતો.

'ઓહોહો... આતો ચોર કોટવાળને દંડે છે, મારા હાળાં બેઉ છાનાંછપલાં છિનાળવુ કરે છે, અને ભાઈ-બેનનુ ખાલી નાટક કરે છે.મંગળ નશામાં જેમતેમ બોલે જતો હતો. એના અવાજથી એની પત્નિ લીલા અને ઘરનાં ક્યારનાંય જશોદાના આંગણે આવી પહોંચ્યા હતાં. ધીરે ધીરે ગામલોકોનું ટોળું પણ ત્યાં ભેગું થવા લાગ્યું એટલે મંગળ વધારે જુસ્સામાં આવી ગયો અને જેમતેમ લવરી કરવા લાગ્યો. જશોદા અને જેસંગ નિર્દોષ હતાં છતાંય બંને ગુનેગાર બનાવી દીધા હતાં.'

જશોદા મંગળને પોતાના વિશે આવું ન બોલવા કગરતી રહી પણ મંગળ આજે ઝગડો કરવા જ આવ્યો હતો. એના મનની મેલી મુરાદ પાર ના પડતાં તે જશોદા અને જેસંગ પર આડસંબંધનો આરોપ મૂકી ગામલોકોને તમાશો બતાવતો હતો. બંને પક્ષે સામ સામે ઉગ્ર સંવાદ ચાલતો હતો. ગામલોકોનું ટોળું છેટે રહી જાતજાતની વાતો કરતુ હતું.

'મંગળના જે ચારપાંચ સાથીદારો હતા એ અંદરોઅંદર કહેતા હતા, 'અલ્યા ભાઈ, અમે તો પહેલેથી જાણતા હતા કે જશોદા અને જેસંગ કુવારાં હતાં ત્યારથી પ્રેમલીલા કરતાં આવ્યાં હતાં. ભાઈ-બેનનું એક લોકોને બતાવવા પુરતું નાટક હતું.'

અલ્યાભાઈ, આ વાત આપણે એકલા થોડા જાણીએ છીએ. આખું ગામ જાણે છે. પણ વાઘને કોણ કહેવા જાય કે તારુ મોં ગંધાય છે. અને એટલે જ તો બીચારો મંગળ દારૂને અડતોય નહોતો ને આજે ઘરમાં આવા ભવાડા નીત જોવા પડતાં ત્યારે સવારમાં ઊઠી દારૂનું સેવન કરતો થઈ ગયો.

ગામલોકો તરેહ-તરેહની વાતો કરતા હતા. જ્યારે આ બાજુ મંગળની લવારી ચાલુ જ હતી. રાંડ તારા કારણે મારો ભાઈ મરી ગયો અને તારા આ ભવાડાથી તો અમારે ગામમાં ઊંચુ માથુ રાખી ફરાતું નથી સમજી.

'મંગળ જરા તારી જીભ પર લગામ રાખ નહિતર હમણાં ના થવાનું થઈ જશે.' જેસંગ હવે ક્રોધે ભરાયો હતો.

શું કરી લઈશ લ્યા તું? એમ કહેતો મંગળ ઝડપથી પોતાના ઘરેથી લાકડી લઈ આવ્યો અને જેસંગને મારવા ઉગામી. ઝગડાનું સ્વરૂપ વધારે જામશે એ બીકે જશોદા મંગળને પાછા વરવા વિનંતી કરવા લાગી. મોટાભાઈ હવે આ બધુ બંધ કરો તમારા બધા કવેણ મેં સાંભળી લીધા હવે બંધ કરો મારા બાપ. તમને લાજશરમ નથી આવતી પણ મારાથી આ બધુ નથી વેઠાતું. પરંતુ ઝનૂને ચડેલો મંગળ પાછો પડે એમ ક્યાં હતો ઉલટાનો એતો, 'હટ રાંડ કભારજા, ધણીનું ઊભરાણુ લેવા આવી છું. તારાજ હાડકાં ખોખરાં કરી નાખીશ હા... એમ કહી મંગળે લાકડીના બે ત્રણ ફટકા જશોદાની પીઠ પર મારી દીધાં. પછી તો જેસંગ પણ જનૂનમાં આવી ગયો અને મંગળના હાથમાંથી લાકડી ઝૂટવી મંગળને મારવા લાગ્યો. મંગળની પત્નિ લીલાથી આ દૃશ્ય જોવાયુ નહી એટલે એ જેમતેમ ગાળો બોલતી. રંડી એના ધણીને તો ભરખી ગઈ, આજે મારો ધણી બે શબ્દ ઠપકાના કીધ્યા એટલામાંતો આખું ગામ ભેગુ કર્યુ. લાજશરમ વગરનીને શું? થોડીઘણીય આબરુની પડી હોય ત્યારેને... એમ કહી મંગળને જેસંગના મારથી બચાવી ઘરભણી ઢસડી ગઈ. જેસંગ પણ પોતાના પર આવેલા ધર્મસંકટથી છૂટવા પોતાના ઘરે જવા



લાગ્યો. જતાં જતાં જશોદાને કહેતો ગયો બેન તમે જરાય ચિંતા ના કરશો. આપણે સાચાં છીએ અને સાચાં જ રહેવાનાં. ભગવાન દરેકને એના કરમનો બદલો જરૂર આપશે. જરા હિંમત રાખજો અને ધીરજથી કામ લેજો, ભાગી ન પડતાં. હું જાઉં છું અને ફરી કાંઈ બોલસો નહીં. બે દિવસ પછી પંચ ભેગું કરીશું. આનો ન્યાય કરાવીશ, સાચા-જુઠ્ઠાનાં જ્યારે પારખાં થશે ત્યારે જ બધાને ખબર પડશે કે કોણ સાચુ છે ને કોણ ખોટું' એમ કહી ઘરભણી જવા લાગ્યો.

જશોદા લથડતા પગે ખાટલામાં આડી પડી પોતાના દીકરા દેવરાજને વડગી પડી ધ્રૂસકે-ધ્રૂસકે રડવા લાગી. આ પ્રસંગ એના જીવનને કઈ દિશા તરફ લઈ જશે એ એને પણ ખબર નહોતી. 'બળ્યો આ મનખાવતાર ભગવાને આ દુઃખના દા'ડા જોવા આપ્યો હશે.' ખરેખર પોતે નિર્દોષ હતી અને આજે ગુનેગારના રૂપમાં ગામલોકો સમક્ષ રજૂ થઈ હતી. જશોદાની ઊંઘ હરામ થઈ ગઈ હતી.

આજે ગઈકાલનો પ્રસંગ એની નજર સમક્ષ તરવરી ઊઠ્યો હતો. એના જીવતરમાં ઝેર રેડતો ગયો હતો. પોતે આખી જીંદગી વિધવાનું જીવન જીવી ગઈ હતી અને જીવનમાં કોઈ કલંક ના લાગે એની તકેદારી રાખતી હતી પરંતુ આજે એ કલંકીની સાબિત થઈ હતી. હવે જીવન જીવવાનો મોહ ઊડી ગયો હતો. પોતાનુ બાળપણ જુવાની અને શંકર સાથે લગ્નજીવન. આ બધા પ્રસંગોમાં તે ઊંડી ઉતરતી ગઈ.

# પ્રકરણ - ૨

જશોદા પોતાના અતિતમાં વધારે ઉતરતી જતી હતી. મા-બાપે સારા સંસ્કારો આપી મોટી કરી હતી. પોતાના મા-બાપ ધાર્મિક સ્વભાવના હતા. બચપણમાં તેને રામાયણ, મહાભારતની વાતો કરી જીવન કેવું જીવવું એ ઉંચા સંસ્કારોનું સિંચન કર્યું હતું અને એ સંસ્કારો એનાં હતાં.

રતનપુરમાં એના બાપની ઘણી શાખ હતી. આજુબાજુના પંથકમાં ભીમસિંહનું માનથી નામ બોલાતું હતું. બાળકોમાં એક માત્ર જશોદા જ હતી પરંતુ એ દીકરાની જેમ રાખતા હતા. જશોદા મોટી થતાં પ્રભાતમુખીના કહેવાથી શંકર સાથે લગ્ન કર્યા હતાં. શંકર એક સારો અને ગુણવાન માણસ હતો. જશોદા પરણી સાસરે આવી ત્યારે થોડો સમય જ સુખના દિવસો પસાર થયા અને દુઃખના દિવસોની શરૂઆત થઈ હતી. જશોદાનું રૂપ આખા દેવનગરમાં ચર્ચાનો વિષય હતો. ઘણા જુવાનીયાઓ કામ વગરના આંટાફેરા મારતા હતા.

એ જાણતી હતી કે એનુ રૂપ જ એનું દુશ્મન બન્યુ હતું. જશોદાનો જેઠ પણ એને પ્રાપ્ત કરવા શરૂઆતમાં તો હંસ જેવી ચાલ ચાલતો હતો. તે



અવારનવાર જશોદાના વખાણ કરતો હતો. પણ જશોદા જાણતી હતી કે એના જેઠના મનમાં મેલી મૂરાદ હતી. પોતાના રૂપનો એ પ્યાસો હતો.

એક દિવસ શંકર બહારગામ ગયો હતો. ઘેર જશોદા એકલી જ હતી અને આ એકલતાનો લાભ લેવા મંગળે બધી જ પૂર્વતૈયારી કરી રાખી હતી. બીચારી જશોદા બેખબર ઓસરીમાં ઊંઘી રહી હતી. ત્યારે હવસખોર મંગળ જશોદાની ઈજ્જત લેવા એના ખાટલે પહોંચી ગયો. જશોદા પોતાની ઉપર પરપુરુષને ઝૂકેલો જોઈ ચમકી ઊઠી તે ખાટલામાંથી હેઠી ઉતરી સાડલો પહેરવા લાગી. ત્યાં તો મંગળે ને કમરેથી પકડી લીધી. જશોદા બુમ પાડવા ગઈ પરંતુ એનું મોં બંધ કરી દીધું, એ મંગળના પંજામાંથી છૂટવા તરફડીયા મારવા લાગી. પરંતુ એમ છોડે તો મંગળ શાનો ! જશોદા ના મુખમાંથી અવાજ નીકળતો નહતો. મંગળનો વિશાળ પંજો એના મુખ અને નાકને શ્વાસ લેવાની તકલીફ પણ આપતો હતો.

તે મનોમન પ્રાર્થના કરવા લાગી હે..ભગવાન મારી ઈજ્જત બચાવી લે. મારું જીવતર બચાવી લે. આ નરાધમ મારુ જીવન બરબાદ કરી નાખશે. હે..ભગવાન સવારમાં હું સૌને શું મોં બતાવીશ અને ખરેખર ભગવાને એની પ્રાર્થના સાંભળી. જશોદાએ મંગળના હાથમાં બટકું ભરી લીધુ એ ચીસ પાડી બાજુ પર ખસી ગયો. આ તકનો લાભ લઈ જશોદા દોડતી મંગળની પત્નિ લીલા પાસે પહોંચી ગઈ. મોટીબેન મને બચાવી લો, મારા જેઠ..બાપ..સમાન એજ મારી આબરૂ લેવા આવ્યા... લીલા એકદમ સફાળી જાગી ગઈ અને જશોદાને આ હાલતમાં જોઈ ગભરાઈગઈ. અલી રાંડ શું થયું એતો કહે? આમ અરધી રાતે શું માંડ્યું છે. મોટીબા તમારો ધણી મારી આબરુ... જશોદાએ અધુરુ વાક્ય છોડી દીધું.

એટલામાં મંગળ આવી પહોંચ્યો. ઓ..તારી..લ્યા આ રાંડ. આ શું રોદના રડવા બેઠી છે. એને જ મને બોલાવ્યો હતો મને શી ખબર કે એના

મનમાં શું હોય, મારા મનમાં એવુ કે શંકર નથી એટલે કંઈક કામકાજ હશે, પણ આતો હું ત્યાં ગયો ત્યારે ખબર પડી કે એના મનમાં પાપ હતું. મંગળે પોતાનો બચાવ કરવા પ્રયત્ન કર્યો હતો.

મંગળની પત્નિ પણ પોતાના પતિ બાજુ જ બોલી. ‘રાંડ મારા ધણીને વગોવે છે. ઘણા વખતથી હું તારા ચેન-ચાળા જોતી હતી પણ આજે ખબર પડી કે કેટલાં ઊંડાં છો.’

જશોદાની આખી વાત પતિ-પત્નિએ ઊડાડી દીધી અને ધમકી આપી જો કોઈને આ વાત કરી છે તો. જશોદા ધમકીથી ડરી ગઈ હતી. એ મંગળના ઘરેથી આવી ખાટલામાં આડી પડી પણ ઊંઘ હરામ થઈ ગઈ હતી.

કેવા લોક હોય છે આ દુનિયામાં રૂપ અને રૂપિયા માટે જાત-જાતની તરકીબો કરતા હોય છે. જશોદા જેવી સુંદર અને સુશીલ નારીનું જીવતર પોતાનો જ જેઠ છે. જે બાપ સમાન ગણાય એ જ એની આબરુ લેવા તૈયાર થયો હતો.

શુ માનવતા હતી?

કે દાનવતા?

જશોદા પોતાના જીવતરમાં આ શું થવા બેઠ્યુ છે એમ વિચારતી ભગવાનને કહેતી હતી કે હે ભગવાન પોતાની પત્નિ હોવા છતાં પારકી સ્ત્રી પર લોકો દાનત શા માટે બગાડતા હશે? પારકુ ધન પડાવી લેવામાં કેમ રાજી થતા હશે? આખીરાત તેની અમંગળ થવાના વિચારોમાં પસાર થઈ.

બીજા દિવસે શંકર આવ્યો. ત્યારે એના ખોળામાં માથુ મૂકી એ પોક મૂકીને રડી પડી. શંકર જશોદાને આશ્વાસન આપવા લાગ્યો. ‘રડ નહી જશોદા. મેં બધી વાત જાણી છે.’ શંકરના આ આશ્વાસનના શબ્દોએ એને વધારે હચમચાવી મૂકી એના મનમાં શંકા પેઠી કે એનાં જેઠ-જેઠાણીએ મરચું-મીઠું ભેળવી વાત કરી હશે અને એને જ ગુનેગાર બનાવી હશે.



અને ખરેખર એમ જ થયું હતું. લીલા અને મંગળે વાતને આડા પાટે ચડાવી દીધી હતી. શંકરના મનમાં શંકાનું બીજ વાવી દીધું હતું કે તારી રાંડને એકલી મૂકીને ક્યાંય જઈશ નહી. નહીતર તારી આબરુને માથે તારી રાંડ છાનાં થાપશે. શંકરને જશોદા વિશે જાતજાતની વાતો કરી પોતે નિર્દોષ છે. એવુ સાબિત કરી દીધું હતું. શંકરના મનમાં શંકાના બીજ વવાઈ ગયાં હતાં. જશોદાની સુંદરતા આગળ એ પોતે પણ વામણો લાગતો હતો. એને હંમેશાં ડર રહેતો હતો કે જશોદા મને મૂકી બીજાની તો નહી થઈ જાયને. આવા વિચારો શંકરને આવતા હતા. અને આજે એની પ્રતીતિ એને થઈ હતી. એટલે એ વધારે શંકાશીલ બન્યો હતો.

આપણા સમાજમાં સ્ત્રીપુરુષનું રૂપ જોવામાં આવે છે. પરંતુ એ ખરેખર ભૂલ છે. માનવીના રૂપની કિંમત નથી હોતી એના માં રહેલા ગુણની કિંમત હોય છે. આપણે જોતા હોઈએ છીએ કે જો પોતાની પત્નિ કરતાં ઓછો દેખાવડો હોય તો પોતાની જાતને હલકી ગણે છે અને પત્નિને હંમેશાં શંકાની નજરે જોતાં હોય છે.

જશોદાને ખબર પડી ગઈ હતી કે શંકર હવે પોતાની સાચી વાત સ્વીકારવાનો નહોતો. એને હવે સાબિત કરવાનુ હતુ કે પોતે એકાપતિવૃતા નારી છે. અને ક્યારેય કોઈ પરપુરુષનો વિચાર પણ નથી કર્યો પણ રે મન તુ વિચારે છે જુદુ ને થાય છે જુદુ.

સમયની રફતારમાં જીવન જીવાતુ હતું. એમ શંકરનું વર્તન પણ બદલાતું હતું. શંકર કજિયાખોર બની ગયો હતો. એની બેઠક ભાઈ-ભાભી સાથે વધારે હતી. મંગળ એનો સગોભાઈ નહોતો, કાકાનો દીકરો હતો. મંગળે દારૂ પીવડાવવાની કોશિશ પણ કરી હતી પણ એની એ ચાલ નાકામિયાબ રહી હતી.

જશોદાએ પ્રભાતમુખીને બધી વાત કરી હતી. એ શંકરને ઠપકો પણ

આપી ગયા હતા. પણ આ ક્યાં ભોળો શંકર હતો. જે સમુદ્રમંથનમાંથી નીકળેલું ઝેર પી ગયો હતો. આતો કાળામાથાનો માનવી હતો જેને પોતાની પત્નિનું રૂપ ઝેર સમાન બની ગયુ હતું. જેનાની એ હંમેશાં દાઝતો હતો.

જશોદાએ પ્રભાતમુખીના દીકરા જેસંગને પોતાનો ભાઈ માન્યો હતો. એ પણ કોઈકવાર જ આવતો કારણ કે જેનુ મન બગડ્યુ એનુ તન બગડ્યું, એનું જીવતર બગડ્યું. એ ડરથી એ જશોદાની ખબર કોઈ પ્રસંગટાણે જ લેવા આવતો.

આંખમાં આંસુ આવતાં નહોતાં કારણ કે હૃદય રડતું હતું. જીવતર ઝેર બની ગયું હતું. જશોદા... બીચારી જશોદા ઢસરડા કરી જીવન જીવવાનો પ્રયત્ન કરતી હતી, કે દુઃખનો સૂર્ય આથમી સુખનો સૂર્ય ઊગશે. પણ એ એની આશા ઠગારી નીકળી.

અચાનક... અચાનક કોઈને કશી ખબર ના પડી. એક દિવસ રાત્રે શંકરની લાશ ઘેર લાવવામાં આવી. શું થયું? અને કોને કર્યું? એની કોઈનેય ખબર ના પડી. એના શરીર પર કોઈ વાગ્યાનું નિશાન કે કશુંય હતુ નહી. એ કેમ કરી મરી ગયો? એ પણ ખબર ના પડી. જશોદાની જીવનનૈયા મજધારમાં જ અટવાઈ ગઈ. હૈયાફાટ રૂદન કરતી જશોદા માથા પછાડતી હતી ત્યારે એના પેટમાં છ માસનો ગર્ભ આકાર લઈ રહ્યો હતો. જશોદા કોને કહે કે મારા ધણીને કોને મારી નાખ્યો? અને એ જાણતી હતી કે આ કાવતરા પાછળ મંગળનો હાથ હશે, પણ એ મુંગી રહી પોતાના નસીબનો જ વાંક કાઢતી હતી. કાચની બંગડીઓ ભાગતી હતી ત્યારે જાણે પોતાના જીવતરના ટુકડા થઈ ગયા હોય એમ લાગતુ હતું.

પણ તે મૌન રહી, એ જીવન જીવવા માગતી નહોતી પરંતુ પોતાના પેટમાં જે હતુ એનો શો વાંક એને જન્મ આપવો હતો અને એના સહારે જીવવાનુ હતું.

શંકરનુ કારજપાણી, બધુ પતી ગયું. જીંદગીમાંથી એક માનવીની બાદબાકી થઈ હતી. હવે એક આવવાનુ હતું એની થોડો સમય રાહ જોવાની હતી.



પણ ‘વાહ રે જીંદગી કસોટીના કરવટ તે ઘણા બદલ્યા.’

કોલ દીધા જીવતરના એના મન પણ ઘણા બદલ્યા. લોક નિંદાનો અને જેઠજેઠાણીના શબ્દપ્રહારો વેઠી જશોદા જીવતરની કાંટાડી કેડી પર ચાલતી હતી. અને આજે વરસો બાદ દેવરાજ દશ-બાર વર્ષનો થયો ત્યારે જીંદગીમાં ફરીવાર વાવાઝોડુ આવ્યુ હતું. જે જીવતરને વધારે ઝેર કરી નાખવાનુ હતું.

જશોદા અતિતમાંથી પાછી ફરી ત્યારે દેવરાજ એના પાલવમાં નિર્ભયપણે ઊંઘી રહ્યો હતો. મંગળના કડવા વેણથી એનુ મન વિચલીત થઈ ગયુ હતું. મગજ ભારેભારે થઈ ગયુ હતું. શું કરવું? એ વિચારોમાં મન ખોવાયેલું હતું.

શું કરવું? શું ના કરવું? એ વિચારોમાં ખોવાયેલી જશોદા પોતાના આત્મા સાથે, મન સાથે સંવાદ કરતી હતી.

આખરે એ મનથી નક્કી કરી ઊભી થઈ. દેવરાજના ગાલે, કપાળે ચુંબન કરી આંખમાં આવતી અશ્રુધારા રોકી દીધી. સાડલાનો ગાળો બનાવી ગળામાં નાખ્યો.. એકવાર દેવરાજના મુખને જોઈ લીધુ, આંખો બંધ કરી ગળાફાંસો ખાઈ લીધો. થોડીવાર સુધી તરફડીયાં મારતી જશોદા શાંત પડી ગઈ એનુ પ્રાણ પંખેરુ ઉડી ગયું. આ જીવતરની કાંટાડી કેડી પર હવે જશોદાને નહી ચાલવુ પડે.

જીવતર.. કેવું છે જીવતર કોઈ હસતાં હસતાં જીવે છે કોઈ રડતાં રડતાં તો કોઈ મરી-મરીને જીવે છે. વાહ રે ! માનવી

જીંદગીની રમતમાં તુ હારી ગયો.
શરૂઆત કરી નહોતી ત્યાં ડરી ગયો
કોઈને વાંકે કોઈકને મારી ગયો.

# પ્રકરણ - 3

સવારનો સૂર્યદેવ આજે નિસ્તેજ ઊગ્યો હતો. પંખીઓ પણ ભગવાનનું નામ લેવાને બદલે રૂદન કરતાં હોય એમ લાગતાં હતાં. ગામમાં આજે શોકમય વાતાવરણ બની ગયાં હતાં. પાદરમાં ઊભેલો વડલો પણ આજે થરથર ધ્રૂજતો હતો. જશોદાના આંગણામાં લોકોની ભીડ જામી હતી, નાના દેવરાજના રૂદને ગામલોકોની આંખમાં આંસુ લાવી દીધા હતા. આજે એના જીવતરમાં એની માનો સથવારો છૂટી ગયો હતો.

મા-બાપ વિહોણા દેવરાજને આશ્વાસન આપનારા ઘણા હતા. પરંતુ સથવારો આપનાર કોઈ નહોતું. એના રૂદનથી આખું વાતાવરણ રડતુ હતું. પશુ, પંખી પણ શોકમાં ડુબી ગયાં હતાં. અરે ઘરની દિવાલો પણ ખામોશ બની ગઈ હતી.

ત્યારે વાચકમિત્રો આપણને થાય કે મા-બાપ વગરના બાળકનું જીવન કેમ કરી પસાર થશે? કહેવાય છે ને કે

"કોઈના મરશો ના માને બાપ રૂવે મારી આંખલડી..."

જેસંદ દેવરાજનો હાથ પકડી એકબાજુ ઉભો હતો. જશોદાની નનામી તૈયાર કરી જ્યારે ડાઘુઓ સ્મશાને લઈ જવાની તૈયારી કરી ત્યારે નાનો



દેવરાજ હાથમાં દોણી પકડી ધીમે પગલે આગલ ચાલતો હતો ત્યારે સૂર્ય પણ શોકથી વાદળ ઓથે છૂપાઈ ગયો.

હે ! ભગવાન તારાજ બનાવેલા આ માનવીનું જીવતર છે? એક ફુલ જેવા નાના બાળકનું શું થશે એ પણ તે ના વિચાર્યું? તુ તો દયાનો સાગર છે તો તારી દયા ક્યાં ગઈ?

જશોદાને અગ્નિદાહ કરી પાછા ફરેલા ડાઘુઓ તરહ-તરહની વાર્તાએ વડગ્યા હતા. મૂઈ ! એને જરાય વિચાર ના કર્યો કે આ નાના ફુલનુ શું થશે?

બીજી બાજુ ગામની સ્ત્રીઓ તો કંઈક જુદી જ વાતો કરતાં હતી. મૂઈ! કુભારજાએ એનુ જીવતર તો બગાડ્યુ પણ દીકરાનુ બગાડતી ગઈ !

મંગળ અને લીલાએ જેસંગ અને જશોદાની પ્રેમલીલાની જ વાત જાહેર કરી હતી. જેસંગ ખૂબ જ અકડામણ અનુભવતો હતો પણ હવે તેને મૌન ધારણ કરી દીધુ હતું. હવે તો એ દેવરાજનું શું કરવું એના જ વિચારોમાં હતો.

જશોદાના મરણની બધી વિધી પૂર્ણ કરી એક દિવસ જેસંગ બદમાશ કાકા-કાકીના ત્રાસથી છોડાવવા તેમજ ગામલોકોના મહેણાટોણાથી બચાવવાઅને દેવરાજનું નવું જીવન સારી રીતે શરૂ થાય એ હેતુથી એ એને દુર લઈ જવા માગતો હતો. ભણતર તો એનું બગડ્યું હતું પણ જીવતર બગડવા દેવા નહોતો માગતો.

જેસંગ વિચારોમાં અટવાયો હતો. ગામલોકોએ જે એના અને જશોદાના સંબંધો વિશે જે ખોટી વાત કરી હતી. તે એના જીવતરમાં ઝેર રેડી ગઈ હતી. કેવી હતી આ જીંદગી?

રૂપ રંગ એક હતા દરેક માનવીના
છતાંય વિચારોમાં કેમ ફરક હતો
કુદરત પણ કેવો અન્યાયી છે?

આવા વિચાર કરતો જેસંગ એક દિવસ દેવરાજને લઈને અનુપમસિંહની હોટલ પર આવ્યો. થોડી ઔપચારીક વાતચિત કરી દેવરાજને ત્યાં નોકરી પર રાખવા વિનંતી કરી. અનુપમસિંહ આમતો દયાળું માણસ હતો. પરંતુ જૂઠુ ક્યારેય ચલવી લે તેવો નહોતો. સુખી માણસ હતો. પ્રામાણિકતાથી ધંધો કરવો એ જીવનલેખ હતો. દેવરાજને જોઈને એને દયા આવી મા-બાપ વિહોણો છોકરો આજે એના આશરે આવ્યો હતો. ભણવાની ઊંમર છોડીને જીવનની કસોટી પર પગરણ માંડવા આવ્યો હતો. દેવરાજની જીવનકહાની સાંભળી એ ઘડીભર તો હલબલી ઊઠ્યો.

'બેટા! દેવરાજ આ શેઠના ત્યાં તારે રહેવાનું છે. અને એ કહે એ કામ કરવાનું છે. જીંદગીમાં ક્યારેય હતાશ થઈશ નહીં. હું અવારનવાર તારી ખબર લેતો રહીશ. આવુ કહેતાં, કહેતાં તો જેસંગની આંખમાં આંસુ ધસી આવ્યાં તે આડુ જોઈ ગયો. અને દેવરાજને માથે હાથ ફેરવી એ ભારે પગે ઘર ભણી જવા તૈયાર થયો. દેવરાજ ખામોશ બની ઊભો હતો. આવજો કાકા.. મારી ચિંતા કરશો નહી. હવે હું નાનો નથી. હું સમજણો થઈ ગયો છું. મને બધુ સમજાય ગયુ છે.' દેવરાજના આ શબ્દોએ જેસંગને ઉત્સાહીત કરી દીધો. તે ઉત્સાહથી ઘર ભણી જવા માટે તૈયાર થયો.

કુદરતે આપેલી માનવરૂપી અણમોલ ભેટ અને જેને મનખાદેવ કહેવાય એ દેવ જ્યારે દાનવ થાય ત્યારે કેટલાયના જીવન બરબાદ કરી નાખે છે. પોતાનો સ્વાર્થ પૂરો કરવા માનવી બીજાનો ભોગ લેતા ખચકાતો નથી. મંગળ જેવા નરાધમ માનવી આ જગત પર કેટલા હશે? જેને શંકરના ઘરનો માળો વેરવિખેર કરી નાખ્યો હતો. શંકરનું મૃત્યુ એક અકસ્માત હતું. કોઈનેય ખ્યાલ ના આવ્યો કે શંકર કેમ મરી ગયો? અરે એને કોણે મારી નાખ્યો? આ બધા પાછળ મંગળ ભાગ ભજવતો હતો. શંકરના મૃત્યુ પછી, જશોદાએ આપઘાત કર્યો અને આજે દેવરાજ નાનુ ફુલ જેવું બાળક અનાથ બની ગયું.



ભગવાન એની સજા મંગળને જરૂર આપશે. જેસંગના મનમાં વિચારોનું તાંડવ ચાલતું હતું. અને એ દરેકના કર્મોનો દોષ કાઢતો હતો.

# પ્રકરણ - ૪

અનુપમસિંહની હોટલમાં દેવરાજને એક વર્ષ પસાર થઈ ગયુ હતું. શેઠની એની પર રહેમ નજર હતી. શેઠની પત્નિ સરોજબા પણ વહાલથી રાખતી હતી. પુત્રી ગાયત્રી તો સ્કૂલમાં રજા હોય ત્યારે આખો દિવસ દેવરાજ સાથે જ રહેતી.દેવરાજને તે લખતાં-વાંચતાં શીખવતી હતી. આમ તો દેવરાજને લખતાં વાંચતાં તો આવડતુ હતું. પરંતુ ગાયત્રીનુ સાનિધ્ય એને ગમતુ હતું. ગાયત્રીનું વર્તન એને ગમતું હતું. કોઈકવાર ગાયત્રી એને વાર્તાઓની ચોપડીઓ વાંચવા આપતી હતી. અને એ વાર્તાઓ દેવરાજ ગાયત્રીને સંભળાવતો હતો.

દેવરાજ જ્યારે એકલો પડતો ત્યારે એને માની યાદ આવતી હતી. કાનુડાને આશરો આપનાર જશોદા હતી. પરંતુ દેવરાજની જશોદાએ એને આ દુનિયામાં એકલો, અટુલો આ જીવનના પંથ પર મૂકી દીધો હતો. જ્યારે સરોજબા તેને દેવ કહેતી ત્યારે દેવરાજને દેવનગર ગામ અને માતાની ભવ્યમૂર્તિ વિધવાના પરિવેશમાં નજર સમક્ષ આવતી. પોતે આ દુનિયામં એકલો પડી ગયો હતો. જ્યારે કામથી કંટાડતો ત્યારે સડક પર લટાર મારવા નીકળી પડતો. રસ્તામાં કોઈ ભીખારી ને જોતો ત્યારે એ પોતાને એ ભીખારી



સાથે સરખાવતો. પોતે પણ આ વિશાળ દુનિયામાં એકલો હતો. જેસંગકાકા જો આ હોટલમાં ના મૂકી ગયા હોત તો કાકો. મંગળ એને સુખેથી ના રહેવા દેત અને રસ્તે રઝડતો હોત. આમ તો શેઠના ભવિષ્યની ચિંતા રહેતી પોતે ક્યાં જશે શું કરશે?

કોઈકવાર તે મંદિરમાં જતો ત્યારે ભગવાનને મીઠાઈ ધરાવતો ભક્તો અને બહાર ભૂખથી પીડાતા ભીખારીઓ, નાના બાળકોને જોતો ત્યારે એ ધ્રુજી ઊઠતો. વાહ રે પ્રભુ ! તુ પાકા પકવાન જમે છે અને બહાર ભૂખથી પીડાતા નાના બાળકોની તને જરાય દયા નથી આવતી. તુ હીરને ચીર પહેરે છે. તો તને બહાર અર્ધનગ્ન આ માણસો નજરમાં નથી આવતા. તું મુખમાં મોરલી વગાડતો હસી રહ્યો છે. ત્યારે તને ગરીબોના દુઃખી અવાજો નથી સંભળાતા. પણ તુ ક્યાં ભગવાન છે. તુ તો એક પથ્થર છે.. પથ્થર.. તુ બહેરો બની ગયો છે. એટલે તારા સુધી દુઃખીઓના રૂદન નથી સંભળાતા. અરે મેંતો જાણ્યું છે કે કણકણમાં ભગવાન છે. ત્યાં મારી નજરે કેમ નથી આવતો? એકવાર મારી સામે આવ કે આ જગત પર તારા બનાવેલા માનવીઓના કેવા હાલ છે. મારા જેવા કેટલા બાળકો હશે જે માબાપ વિના ઠેરઠેર લટકતા હશે? અમારા એવા ક્યાં પાપ હશે? તે આજે આ હાલતમાં જીવન જીવવાનો વખત આવ્યો?

પણ તું આમાં શું કરી શકે? ખરેખર તુ તો કરુણાસાગર કહેવાય છે. ક્યાં ગઈ તારી કરુણા. ભગવાન કેમ આવો દયાહીન બની ગયો છે? જરા પૃથ્વી પર આવી જો અમારા જેવા અનાથ અને ગરીબની ગાથ તુ જાણીશ ત્યારે તને ખબર પડશે કે જીવન શું છે?

દેવરાજ આમ ક્યાંય સુધી મનમાં વિચારો કરતો. ભગવાનનો દોષ કાઢતો દુઃખ અનુભવતો. પણ એ કશુ કરી શકે એમ નહોતો. અત્યારે તો શેઠ-શેઠાણી અને ગાયત્રી આ ત્રણ વ્યક્તિ એનાં સથવારો હતાં. જ્યાં સુધી

અન્નજળ લખેલાં હશે ત્યાં સુધી સાથે જીવાશે બાકી નસીબ જ્યાં લઈ જાય ત્યાં જવાનુ હતું. દુઃખનો અનુભવ કરતો દેવરાજ હોટલ પર કામ કરતો ત્યારે ગ્રાહકોની ભીડમાં એ થોડો સમય દુઃખને ભૂલી જતો.

હોટલ પર જાતજાતના ગ્રાહકો આવતા હતા. જેમને પૈસાની કોઈ કિંમત નહોતી, પૈસા છૂટથી વાપરતા હતા, જાતજાતનું ખાતા હતા. એ જોઈ દેવરાજ વિચારતો કે અમીરી ગરીબીમાં શું ફરક છે. કોઈકવાર કોઈ માગણ આવતુ અને એક રૂપિયો ભીખ માગતુ ત્યારે જે શેઠિયાઓ એને હળધૂત કરતા. એ જોઈ દેવરાજ વિચારતો કે માનવી માનવીનો હત્યારો, ચોર, લૂંટારો કે આતંકવાદી શા માટે બને છે? કોઈ માણસ ચોર થઈને જન્મતો નથી આપણો સમાજ.. આપણો માનવ સમુદાય જ ચોર, ડાકુ કે આતંકવાદીને જન્મ આપે છે. પણ એ ડાકુ-ચોર, કે હત્યારો કેમ બન્યો એનું રહસ્ય જાણવાનો કોઈની પાસે સમય નથી. આપણે જોઈએ છીએ કે આપણા સમાજમાં કેટલીએ સ્ત્રીઓ આત્મહત્યા કરી જીવન ટૂંકાવી નાખે છે. લાગતો હોય દેવ જેવો પણ ક્યારે હેવાન બની જાય એ કોઈને ખબર ના પડે અને એ હેવાન જેવો માનવી કેટલાય સુખી ઘરને બરબાદ કરી નાખે છે. મહાભારતમાં તો એક જ દુશાસન હતો જેને દ્રોપદીના વસ્ત્રહરણ કર્યા હતા. પરંતુ આજે કોણ ક્યારે દુશાસન બનશે એ નક્કી નથી હોતું. પોતાનું જીવન પણ આ સમાજમાં જ રગદોડાય ગયુ હતુ ને.

દેવરાજના મનમાં ઘણીવાર આવું મનોમંથન ચાલતું એ અત્યારે જુવાન થઈ ગયો હતો. જીંદગીમાં ઘણા કડવા મીઠા અનુભવો થયા હતા. હોટલના કામથી પરવારતો એટલે ગાયત્રી સાથે થોડો સમય ગાળતો. ગાયત્રીએ અત્યારે જુવાનીના ઉંબરામાં પગરણ માંડી દીધા હતા. અને એનો એક શોખ હતો. શાયરી, કવિતા, ગઝલ લખવાનો ક્યારેક એ કવિતા કે ગઝલ લખી દેવરાજને વાંચવા આપતી. બીજુ કે ગાયત્રી પોતાની અંગત ડાયરી લખતી



હતી. એ દેવરાજને ક્યારેય બતાવતી નહીં. અત્યારે એ કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. કોલેજમાં ઘણા યુવાનો ગાયત્રીને મિત્ર બનાવવા પ્રયત્ન કરતા. ગાયત્રી એટલે રૂપ અને સુંદરતાનો ખજાનો હતી. અણિયાળુ નાક, ગોરોવર્ણ, પાતળી કમર, યુવાનોને આકર્ષણનું કેન્દ્ર હતું. ક્યારેક અનુપમ શેઠ બહાર ગયા હોય અને ગાયત્રી હોટલ પર હોય તો ગ્રાહકોની લાઈન લાગી જતી. એનુ કારણ યુવાન વર્ગ એને જોવા માટે જ આવતા. એના મધુર અવાજમાં મોહિની હતી. અને મોહિનીના સ્વરમાં મીઠાશ ભરેલી હતી. એટલે એ દિવસે અનુપમ શેઠની હોટલ ભીડથી ભરેલી રહેતી. દેવરાજ પણ નાના શેઠ જેવો માણસ બની ગયો હતો. એનામાં સચ્ચાઈ હતી. પ્રામાણિકતા હતી. ગાયત્રીને દેવરાજની આ સચ્ચાઈ જ આકર્ષણ જમાવતી હતી. ગાયત્રી દેવરાજ જ્યારથી હોટલમાં આવ્યો ત્યારથી એને મનોમન પ્રેમ કરવા લાગી હતી. એ હંમેશાં એને દેવ કહીને સંબોધતી હતી. દેવરાજને પણ ખબર હતી કે ગાયત્રી એને ચાહે છે પરંતુ એ ખાસ ધ્યાન આપતો નહોતો. કારણ કે દેવરાજ માનતો હતો કે આવું જ રૂપ અને સુંદરતા એની માનામાં હતું. જે અભિશાપ સમાન બની ગયુ હતું. એ રૂપમા પાગલ બનેલા પોતાના કાકાએ એને મા-બાપ વિહોણો બનાવી દીધો હતો. એટલે એ ગાયત્રી ની સુંદરતાથી ડરતો હતો. પરંતુ સાચી લાગણી સાચો પ્રેમ પથ્થર દિલને પણ પીગળાવી દે છે. ગાયત્રીની ગઝલો એ દેવરાજના દિલમાં કબ્જો જમાવી દીધો હતો. એક વખત ગાયત્રીએ દેવરાજને સંબોધીને એક ગઝલ લખી હતી.

પ્રિયતમ પ્રેમ માનુ પ્રેમથી,
તિરસ્કાર આપો તોય સ્વિકાર છે.
મુજ દિલ આપુ સ્નેહથી,
થોડી વેદના આપો તોય સ્વિકાર છે.

અમૃતનો પ્યાલો ધરીશ તમારે હોઠે,
તમે આપશો ઝેર તોય સ્વિકાર છે.
તમારા રાહ પર બિછાઈ જઈશ,
તમે ફેંકશો પથ્થર તોય સ્વિકાર છે.
મારી ઊંમર આપીશ તમને પ્રેમથી,
તમે આપશો મોત તોય સ્વિકાર છે.

દેવરાજ ગાયત્રીની લાગણીમાં ખેંચાતો હતો એને પણ ગાયત્રીના પ્રેમમાં પડવાનું થતુ હતું પણ રે... જીંદગી.. પોતાનો ભૂતકાળ જોતા અને હાથની પરિસ્થિતિ જોતાં પોતે એક નિરાધાર માણસ હતો અને અનુપમસિંહ અને પોતાની સરખામણી ક્યારેય થાય તેમ નહોતી. કારણકે અમીરી ગરીબીની એમની વચ્ચે અભેદ દિવાલ હતી. એ દિવાલ ક્યારેય તૂટી શકે એમ નહોતી અને પોતાના માલિકને વિશ્વાસઘાત કરવા માંગતો નહોતો. એ ગાયત્રીને પ્રેમ કરવા માગતો હતો. અને પ્રેમ કરવા માગતો ન હતો. એની મનોવેદના એ પોતે જ જાણતો હતો. એનો બસ એક જ મકસદ હતો. પ્રામાણિકતાથી અને સચ્ચાઈથી શેઠને હંમેશાં વફાદાર રહેવું.

અનુપમસિંહ હોટલમાં દેવરાજનું બાળપણ વિત્યુ હતું. ગાયત્રી સાથે લાગણીના સંબંધો વિકસ્યા હતા. જ્યારે સરોજબા પાસેથી મા જેવો પ્રેમ મળ્યો હતો. એમાંથી કયુ સ્વિકારવું એ ખબર પડતી નહોતી. ગાયત્રીના પ્રેમનો સ્વીકાર કરે તો, ગાયત્રી તો મળવાની નહોતી પણ નોકરી છોડવાનો વખત આવે તેમ હતો. એટલે એ મનોમન ગડમથલ અનુભવતો હતો.

એ હોટલમાં સજ્જનસિંહ નામનો માણસ અવાર નવાર આવતો હતો. અને દેવરાજ એને સારી રીતે ઓળખતો હતો. સજ્જનસિંહે દેવરાજને પોતાને ઘેર આવવાનું કહ્યું હતું. એને આવા પ્રામાણિક માણસની જરૂર હતી. અને એને દેવરાજને કહી રાખેલું કે જ્યારે તને હોટલની નોકરીમાં



કંટાળો આવે ત્યારે મારે ત્યાં દોડી આવજે. હું તારી જીંદગી બનાવી દઈશ. પરંતુ દેવરાજે અહીંથી જવાનું ક્યારેય વિચાર્યુ નહોતું. પરંતુ નશીબ... નશીબના ખેલ કેવા હોય છે. કોના ભાગ્યમાં શું લખાયુ હોય એ કોને ખબર?

# પ્રકરણ - ૫

જીંદગી એક ખેલ છે. માનવી માત્ર એ ખેલ ખેલે છે. ક્યારેક હારે છે. ક્યારેક જીતે છે.

એક દિવસ બપોરનો સમય હતો. ઉનાળાનો સમય હતો. હોટલ પર ગ્રાહકની ભીડ ઓછી હતી. એટલે દેવરાજ શેઠના ઘેર ગયો હતો. આજે ગાયત્રી પણ ઘેર જ હતી. દેવરાજને ઘેર આવેલો જોઈ ખુશ થઈ હતી કારણ કે.. આજે એની મા ઘેર હતી નહી એ પોતે એકલી જ હતી.

'આવો મારા દેવ આ મંદિર ક્યારનુંય સૂનુ છે.' એમ કહી ગાયત્રીએ દેવરાજને બાથમાં બીડી દીધો.

'અરે હટ... આ શું કરે છે? કોઈ જોઈ જશે તો આપણને બંન્નેને મારી નાખશે..' ગભરાતાં દેવરાજે કહ્યું.

'દેવ ચાલ ઉપરના માળે બેસીએ મારે તને થોડીક વાત કરવી છે. એમ કહી ગાયત્રી દેવરાજને ઉપરના ઓરડામાં લઈ ગઈ. અનુપમસિંહને બે માળની મોટી હવેલી હતી. જમીન હતી નહી, આવકનું સાધન હોટલ હતી. એ પણ ધમધોકાર ચાલતી હતી અને આજે અનુપમસિંહ પૈસેટકે સુખી માણસ હતો. બાળકોમાં માત્ર એક પુત્રી ગાયત્રી જ હતી. એને લાડકોડમાં ઉછેરી



હતી. ગાયત્રીના સગપણ માટે ઘણા છોકરા જોયા હતા પણ કોઈ જગ્યાએ મન ઠરતુ નહોતું.'

આજે એ ગાયત્રી દેવરાજને ઉપરના માળે કંઈક કહેવા માગતી હતી, 'દેવ, હું તને ખૂબ ચાહુ, અને લગ્ન કરવા માગુ છું, દેવ તારા વગરનું જીવન મારા માટે અશક્ય છે.' ગાયત્રીએ આવેશમાં આવીને દેવરાજને બાહુમાં જકડી લીધો. ગાયત્રીને દૂર કરતાં દેવરાજે કહ્યું - 'ગાયત્રી આપણો પ્રેમ પોકળ સાબિત થશે, તુ એક અમીર બાપની દીકરી છે જ્યારે હું એક અનાથ, નિરાધાર, રસ્તે રઝળતો ગરીબ માણસ છું. એટલે ધરતી અને આભનુ મળવુ મુશ્કેલ છે. તારા બાપુ તને સારી જગ્યાએ સુખી ઘેર પરણાવે તુ સુખી થાય એ જ મહત્ત્વનું છે. એમ કહી દેવરાજ અવળુ ફરી ગયો.' 'દેવ શું અમીરને દીલ નથી હોતું, શુ ગરીબ પાસે પ્રેમ નથી હોતો, દેવ મારે તારી કોઈ વાત સાંભળવી નથી હું તારા વગર નહી રહી શકું.' ગાયત્રી ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પડી.

'રડ નહી ગાયત્રી સમય-સમયનું કામ કરશે અત્યારે તુ થોડી ધીરજ રાખ. આપણે તો સમયની કેદમાં જીવતાં રમકડાં છીએ, ભગવાન સૌ સારા વાનાં કરશે. એમ કહી દેવરાજ ગાયત્રીનો વાંસો પસવારવા લાગ્યો. બને એકબીજાની બાહોમાં જકડાયેલાં હતાં. તે સમયે કુદરતી રીતે અનુપમસિંહ બારણા વચ્ચે આવીને ઊભો હતો. આ દૃશ્ય જોતાં જ શંકર ભગવાનની જેમ એનુ ત્રીજુ નેત્ર ખુલી ગયું હોય એમ ક્રોધાવેશમાં બોલવા માંડ્યો - 'નાલાયક તારી આ હિંમત, આટલો બદો દગાબાજ નીકળ્યો, જેના ઘેર ખાધુ નું જ ખોદવા લાગ્યો.'

દેવરાજ ગાયત્રી બંન્ને સફાળાં ઊભાં થઈ ગયાં અને એકબાજુ ઊભા રહ્યા.

મેં તને કેવો ધાર્યો હતો અને તુ શુ નીકળ્યો. નાલાયક તુ અત્યારે જ

નોકરીમાંથી છૂટો, જા તારુ મોં કાળુ કર અને જીવનમાં મારી નજર સામે આવતો નહી. ગાયત્રી કંઈક બોલવા ગઈ પરંતુ અનુપમસિંહે એને બોલવા ના દીધી. અને દેવરાજને એજ સમયે નોકરીમાંથી કાઢી મૂક્યો.

દેવરાજ સડસડાટ ત્યાંથી નીકળી ગયો એને અનુપમસિંહની હોટલ, અનુપમસિંહને, ગાયત્રીને છેલ્લી સલામ ભરી કિસ્મતને દોષ દેતાં ત્યાંથી ચાલવા માંડ્યુ. જ્યાં જવાય ત્યા જવુ જે દિશાએ જવાય એ દિશાએ જવું. મંજિલ વગરની દિશા હતી.



# પ્રકરણ - ૬

માનવીનું જીવન કેવુ છે. ક્યાંનુ ક્યાં લઈ જાય છે. કહેવાય છે કે 'ધાર્યુ ધણીનું થાય, ઓ મનવા ધાર્યુ ધણીનું થાય' એવું માનવ જીવન છે. ઈશ્વરે જે ધાર્યુ હોય એજ થાય છે. દેવરાજે અનુપમસિંહની હોટલ, સરોજબા અને બીજુ કોણ..ગાયત્રી... હા ગાયત્રીને છોડી દીધી હતી. ફરી ક્યારે મળશે એ તો ભગવાન જાણે... દેવરાજ ચાલતો હતો.

જિંદગી એની સાથે રમત રમી ગઈ હતી. પોતે ક્યાં હતો અને ક્યાં પહોંચી ગયો. સુખેથી હોટલમાં રોટલો રડી ખાતો હતો. એ પણ હવે.. અને તેને ગાયત્રી યાદ આવી ગઈ. ગાયત્રીના સ્નેહ નીચે ગાળેલા આટલા વર્ષો તેને વારંવાર યાદ આવતા હતા. અજાણતા બંધાઈ ગયેલા એ લાગણીના સેતુને અનુપમસિંહની નજર લાગી ગઈ અને લાગેલી એ નજરમાંથી દેવરાજને હંમેશાં માટે ગાયત્રીને છોડી જવાનો સમય આવી ગયો.

પોતે જીવતો હતો ગાયત્રીના સથવારે.. મોટો થયો ગાયત્રીના સથવારે અને આજે પોતે પોતાની જિંદગીના સથવારાથી કાયમ માટે દૂર થતો હતો.

દેવરાજ મનોમન વિચારતો ચાલતો હતો. પોતે જાણતો હતો કે ગાયત્રીના પાન ઉપર પોતે લખાય ચૂક્યો છે. ફરીથી મળાશે કે કેમ?

"હતું ઘડીભરનું મિલન
મૃત અમૃત પી લીધું,
અમે આંગળી દીધીને તમે
હૈયું લઈ દીધું પણ,
તમને ક્યાં ખબર છે, અમારા બે હાલની
હજુ તો શરૂઆત કરી હતી ને,
ને તમે આવજો કહી દીધું."

બસ ચાલતો જ રહ્યો.. કઈ પણ દિશા વગર.. છતાં પણ દેવરાજ એમ હિંમત હારે તેવો નહોતો, એના દુરના સગાનો કંઈક સંબંધ એક ગામમાં થતો હતો. અને નજીકમાં જ હતું અને એ સગાનુ નામ પણ લગભગ દેવરાજને યાદ હતું.. નટું.. હા નામ તો નટુ જ હતું. એક બે પ્રસંગો બંન્ને ભેગા મળેલા ખરા, પરંતુ એ વાતને સમય વધારે થયો હતો. છતાં પણ પૂછપરછ કરતાં આખરે નટુ મળી ગયો.

બંને મિત્રો સરખી ઉંમરના હતા છતાં પણ નટુ કરતા દેવરાજ મોટો જણાતો હતો. જમી-પરવારીને દેવરાજે પોતાની કથની કહી સંભળાવી.

'સારુ દેવ અત્યારે સુઈ જા' હવે તારે ક્યાંય જવાની જરૂર નથી. કહીને નટુ આડે પડખે થયો.

સમય સમયનું કામ કરતો રહ્યો. દિવસો વહેતા ગયા. નટુએ સજ્જનસિંહનો ભત્રીજો હતો. એટલે દેવરાજને વધારે ફાવી ગયું અને તે સંપૂર્ણ ભળી ગયો હતો. સજ્જનસિંહના ખેતરોમાં આખો દિવસ ખેતરોમાં માણસોની દેખરેખ રાખવી, બળદો ચારવા, વગેરે કામમાં સમય પસાર થઈ જતો હતો. ક્યારેક ભાઈ-બંધો સાથે સાંજના બેસવા નીકળી પડતો હતો. કામ સિવાય તો સજ્જનસિંહના ઘરે પણ એ નહોતો જતો. ગામમાં દેવરાજની



છાપ સારા વ્યક્તિ તરીકેની હતી. સૌને મદદરૂપ થનાર દેવરાજને આજે અહીં આવ્યાને ઘણો સમય થયો હતો.

આ સમય દરમિયાન સજ્જનસિંહના ઘર વિશે એની છાપ વિશે પુત્ર વિજય વિશે ઘણુ જાણતો હતો. છતાં પણ કોઈની વાતમાં દખલ કરવાનું એ ઉચિત માનતો નહોતો.

સજ્જનસિંહ એક ખતરનાક વ્યક્તિત્વ ધરાવતો માણસ હતો. કયા સમયે શું થાય છે. એ કોઈને ખબર નથી પડતી.

આ બાજુ અનુપમસિંહ ગાયત્રીનું ભણવાનુ બંધ કરાવી દીધુ હતું અને લગ્નની તૈયારીમાં પડી ગયા હતા. દીકરી હવે મોટી થઈ ગઈ છે. એને જલદીથી પરણાવી દેવી જોઈએ.આ ઉતાવળમાં ભરેલુ પગલુ એમનુ જોખમ ભરેલું હતું. જે સજ્જનસિંહનું પાત્ર ખરાબ હતુ બાપ નંબરી બેટા દશ નંબરી જેવો વિજય હતો. એ વિજય સાથે ગાયત્રીનુ લગ્ન થયુ હતું. જ્યારે દેવરાજે આ વાત જાણી ત્યારે ખૂબ મોડુ થઈ ગયુ હતું. ગાયત્રીનું જીવન હવે બરબાદ થવાનુ હતુ એ દેવરાજને ખાતરી હતી.

સજ્જનસિંહ અને વિજયે પૈસા પડાવવા માટે જ ગાયત્રી સાથે લગ્નનું એક નાટક કર્યુ હતું. ગાયત્રી પરણીને સાસરે આવી પછી થોડા સમય પછી વિજય શહેરમાં જતો રહ્યો. વિજય શહેરમાં રહી અભ્યાસ કરતો હતો. જેટલો સમય ઘેર રહ્યો એટલો સમયમાં એને ગાયત્રીને પ્રેમથી બોલાવી પણ નહોતી. ગાયત્રીના અરમાનો ચકનાચૂર થયા હતા. એણે જ્યારે જાણ્યુ કે બાપદીકરાની આ પૈસા પડાવવાની એક ચાલ હતી ત્યારે ધ્રૂસકે-ધ્રૂસકે પોતાના નશીબ પર રડતી રહી. કોનો વાંક કાઢે પોતાના બાપને ત્યાં સુખના દિવસો વીત્યા હતા. અહીં દુઃખના ઝાડ ઊગવાના શરૂ થયા હતા.

નટુ બધુ જ જાણતો હતો કે સજ્જનસિંહ પૈસાના લોભમાં ગાયત્રી જેવી કોડભરી કન્યાના જીવનને બરબાદી તરફ ધકેલી રહ્યો હતો. ભાભીની વેદના જાણવા છતાં એ કશું કરી શકે એમ નહોતો.

સમય પસાર થતો હતો. ગાયત્રી પોતાની વ્યથા કોને કહે એ એકલી જ દુઃખને વાગોળતી હતી. દુઃખના દાવાનળમાં સળગતી હતી. સજ્જનસિંહ એક બદચલન માણસ હતો. દેવરાજને પણ આ વાતની ખબર હતી.

એક દિવસ રાત્રીના સમયે સજ્જનસિંહે એકલતાનો લાભ લઈ ગાયત્રીને ઘેનની દવા આપી. બેભાન બનાવી દીધી અને પોતાની હવસ પૂરી કરી. જ્યારે સવારે ગાયત્રી ભાનમાં આવી ત્યારે એનું સર્વસ્વ લૂંટાઈ ચૂક્યુ હતું. એનું અણમોલ રતન રગદોડાઈ ગયુ હતું. બસ ત્યારથી તે ખામોશ બની ગઈ હતી. પોતાની વેદના એક ડાયરીમાં ઉતારતી હતી. કોઈને કહી શકે તેમ હતી નહી. સાસુ બિમાર હાલતમાં રહેતી, દેવરાજને કઈ કહી શકાય તેમ હતું નહી પછી તો આ સજ્જનસિંહનો અવારનવારનો કાર્યક્રમ થઈ ગયો હતો. આખરે ગાયત્રી એ એક દિવસ ઘર છોડવાનો નિર્ણય કર્યો એને સમાજનો ડર હતો. કાલે સમાજમાં એ શુ મોં બતાવશે એમ કરી એક રાત્રે ઘર છોડી દેવરાજના ઓશીકા નીચે પોતાની કરમ કથની મૂકી ચાલી નીકળી.

ડાયરીમાં એનાં દુઃખની સંવેદનાઓ હતી.

જ્યારે દેવરાજના જીવનમાં -

જળથી ભરેલી નદી છે ને,<br>
તરસ્યા કિનારા જોયા છે.<br>
નથી આંખમાં આંસુને<br>
રોતા માનવ જોયા છે.<br>
જાણે નહી પ્રેમની રીતને,<br>
પ્રેમદિવાના જોયા છે.<br>
હજુ તો શરૂઆત કરીને,<br>
જીવનના ઘણા રંગ જોયા છે.



# પ્રકરણ - ૭

દેવરાજ શૂન્ય સ્થિતિમાં બેઠો હતો. મનોમન જિંદગીને કોષતો હતો. નાનાપણથી પોતે બાજી હારતો હતો. એક પછી એક બધા પ્રસંગો એની આંખ સામેથી કોઈ ચિત્રપટની માફક પસાર થતા હતા. એની ખારાશ ભરેલી જિંદગીમાં અમૃત સમાન બુંદ બનીને આવી હતી ગાયત્રી.. એ પણ હવે... તે આગળ કશું વિચારવાની સ્થિતિમાં નહોતો. ઓશીકા નીચેથી ડાયરી કાઢીને જાણે કે ગાયત્રીના સુકુમાર મુખારવિંદ ઉપર હાથ ફેરવતો હોય તેમ ઘડીક તેના પૃષ્ઠોને સમારતો રહ્યો. એને જે જાણ્યું હતું એ ઘણું ભયાનક હતું. છતાં પણ કંઈક નિર્ણય એને મનોમન લીધો કારણ કે અહીં રહેવામાં હવે પોતાને પણ જોખમ હતું એ વાત પોતે જાણતો હતો. ગાયત્રી.. દેવરાજના મુખમાંથી એક નિશ્વાસ સરી પડ્યો... અને તે ચાલી નીકળ્યો.

સવારનો સૂર્ય પણ હજુ તો આળસમાં હતો. પંખીઓનો મધૂર કલરવ આનંદમય બનીને સીમમાં ગુંજતો હતો. પૂર્વાકાશમાં નવોઢાની લાલી જાણે કે સૂર્યદેવને વધાવવા તૈયારીમાં પથરાય ગઈ હતી. ખેતરોનો ઊભો મોલ

પણ આજે જાણે કે ગમગીન હતો.

દેવરાજ ઝડપથી ચાલતો હતો.

એથી ઝડપે એનું મન ચાલતું હતું.

દેવરાજે ગામ તરફ જવાનું પડતું મુકીને સીમનો રસ્તો લીધો હતો. કારણ... કારણ કે ગામનાં જવાનો હવે કોઈ મતલબ નહોતો. અને કદાચ જાય તો ગાયત્રીના સાસુ-સસરા પોતાને માથે આળ નાખે એમાં કોઈ બે-મત નહોતો. એના કરતા 'સમય વર્તે સાવધાન' એ ન્યાયે અહીંથી ચાલ્યા જવામાં સાર હતો.

રે જિંદગી તું મને ઘણું સમજાવી ગઈ
તો ગણું તું શીખવાડી ગઈ.
શું? સંસારમાં હું એકલો જ આવો હતો
કે હંમેશાં તું મને રડાવતી રહી...

દેવરાજ ઝડપથી ચાલતો હતો કારણ કે એને પોતે જ નિર્ણય કર્યો હતો એ વ્યાજબી હતો કે નહી એ એને પોતાને પણ ખબર નહોતી. એ અત્યારે ગાયત્રીના પપ્પાને ત્યાં જઈ રહ્યો હતો. એ હવે કોઈ પણ ભોગે ગાયત્રીની સાચી વાત જણાવવા માગતો હતો.

જુઓ માનવીનું મન.

થોડીક લાગણી... હૈયામાં સંઘરાય પડી છે. પોતે શા માટે ગાયત્રીથી છેટા રહીને પણ તેની જિંદગી આબાદ બનાવવા માગતો હતો. કારણ કે તે હવે બીજાની થઈ ચૂકેલી હતી અને છતાં પણ... કારણ કે ગાયત્રીના જુના સ્મરણો એના હૈયાના એક ઓરડામાં હજુ અકબંધ પડ્યા હતા. બધું ભૂલી જવા માગતો હતો છતાં પણ સમયે-સમયે ગાયત્રી એની સામે આવતી હતી.

સૌથી પહેલા નોકરી ગઈ... ગાયત્રીના કારણે...



ગાયત્રીને પરણાવી... પોતાના કારણે...

પોતે સ્થાયી થવા માગતો હતો અને ચાલી નીકળ્યો... ગાયત્રીના કારણે...

છેલ્લે પોતાનું આખું અસ્તિત્વ હાલી ગયું... ગાયત્રીની ડાયરીના કારણે...

મુખ્ય સડક ઉપરથી તે ગાડીમાં બેઠો. એના મનમાં વિચારોનું ભયંકર યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. પોતે જે વાત કરવા જઈ રહ્યો હતો એનું પરિણામ શું આવશે એની કોઈ પણ પરવા તેને નહોતી. કારણ ગાયત્રી નિર્દોષ છે એવું તે પૂરવાર કરવા માગતો હતો. અને ગાયત્રી... એવો વિચાર આવતા તે થોડી ક્ષણ ધ્રૂજી ઊઠ્યો...

સ્ટેશન આવતા દેવરાજ ઝડપથી ઉતરી ગયો.

થોડું ચાલ્યા પછી તે એક આલીશાન બંગલાના ગેટ આગળ જઈ ઊભો રહ્યો. દેવરાજને જોતાં ચોકીદાર રામસિંહ ઓળખી ગયો.

'અરે! દેવરાજ બેટા! કેમ સવાર સવારના...'

'કંઈ નહી કાકા. થોડું કામ હતું' ગેટ પસાર કરતા દેવરાજ બોલ્યો.

દેવરાજ ઝડપથી મુખ્ય દ્વાર પાસે પહોંચ્યો. કોલબેલના બટન ઉપર હાથ મૂકતાં એનો હાથ ક્ષણ માટે ધ્રૂજી ઉઠ્યો.

'અલ્યા નટીયા, ઓ નટીયા...' સોફામાં બેઠા બેઠા સજ્જનસિંહે બૂમ પાડી.. પછી નજરને છાપામાં ફરતી કરી.

સત્તર-અઢાર વર્ષનો નટુ ભય પામેલી હાલતમાં ઝડપથી બીજું કામ પડતું મુકીને દોડી આવ્યો. 'જી..કાકા...'

'અલ્યા... આ રાંડ, તારી ભાભી હજુ કાં ઘોરે છે.. જા જઈને એને જગાડ...' ક્રોધ પૂર્વક બોલાયેલી તેમની વાણી અડધું ફળીયું સાંભળતુ હતું. સજ્જનસિંહને આમેય રાતનો ક્રોધ ચઢેલો હતો. કારણ કે રાતના લગભગ

બે-ચાર આંટા ગાયત્રીના કમરા આગળ માર્યા હતા પરંતુ સાંકળ ખખડાવા છતાં પણ આજે ગાયત્રીએ બારણું ખોલ્યું જ નહોતું. એ કમરામાં પાછળની બાજુએ મૂકેલી સળીયા વિનાની બારી પણ આજે બંધ હતી.

વાસનાના દાવાનળમાં સળગી રહેલા સજ્જનસિંહનો ક્રોધ ત્યારે સાતમા આસમાને ચઢેલો હતો. ક્ષણ માટે તો એને થયું કે બારણું તોડી નાખે પણ... ફજેતો થાય તો..? સાલીને આટ-આટલી બીક બતાવું છું તો પણ આજે બારણા બંધ કરીને સૂતી છે. સવાર થવા દે પછી તારી શી વલે કરું છું એ જોઈ લેજે. ત્યારે વાસનાની ભઠ્ઠીમાં ખદબદતો સજ્જનસિંહ ઝડપથી સીડીના પગથીયા ઉતરી ગયો હતો. બાજુના ઓરડામાં તેની પત્નીનો ખોસવાનો અવાજ આ ભયંકર રાક્ષસના કાને અથડાયો, ત્યારે એના પગલાં અચાનક એ બાજુ વળી ગયા હતા.

સતત ચાર-પાંચ મહીનાથી બિમારીની હાલમાં જીવી રહેલી તેની પત્ની દિવાળીની ખબર-અંતર પૂછવા પણ નહી જનારો સજ્જનસિંહ એના પલંગે પહોંચી ગયો. બિચારી બિમાર દિવાળી ના-ના કરતી રહી અને સજ્જનસિંહે એ જીવતા મડદાને ચૂંથી નાખ્યું.

ગાયત્રી નીચે આવે તો એને ધમકાવવાની શરૂઆત ક્યાંથી કરવી. એની મનોમન ગોઠવણી કરતો સજ્જનસિંહ આતુર નજરે મેડીના પગથીયા બાજું ઘડી-ઘડી જોતો હતો.

નટું....!

સજ્જનસિંહના ભાઈનો દિકરો.

ખટ-પટમાં જાણીતો બનેલો, સંપત્તિ લાલચું સજ્જનસિંહે પોતાના ભાઈ-ભાભીના વર્ષાત્તરના મૃત્યુ પછી તેમની જમીન-જાગીરને દબાવીને નટુને પોતાના ઘરે નોકરની માફક રાખતો હતો. તો નટુ બધું જ સમજતો હતો પરંતુ પોતે બોલી શકતો નહોતો.



નટું જ્યારે ગાયત્રીના ઓરડામાં પહોંચ્યો ત્યારે અંદર તેની ભાભી નહોતી... ક્ષણ માટે તો એને બૂમ પાડવાનું મન થયું પરંતુ અટકી ગયો. આખા ઓરડામાં એની નજર ફરી વળી પરંતું.. દરરોજ ઓશીકા નીચે મૂકાતી ડાયરી માટે નટું નો હાથ ગયો. પરંતું અફસોસ.. કે ડાયરી ત્યાં નહોતી.

નટું દેવરાજ અને ગાયત્રીના સંબંધો વિશે જાણતો હતો. પરંતું બીજી બાજુ પોતાના કાકાના કાળાકૃત્યો પણ જાણતો હતો. તો બીજી બાજુ વિજયની ગાયત્રી પ્રત્યેની ઉપેક્ષા પણ એનાથી છાની નહોતી અને એકારણે પોતાની ભાભીની ડાયરી કોઈના હાથમાં ના આવે એમને ઈચ્છતો હતો. કારણ કે ડાયરીમાં દેવરાજ પણ હતો અને નટું નહોતો ઈચ્છતો કે પોતાના કાકાના કથાનકમાં દેવરાજ પણ આવી જાય. 'હવે દેવરાજને ચેતવવો પડશે' એવા વિચાર સાથે તે ઝડપથી પગથીયાં ઉતરી ગયો. અને જાણે કે કશું બોલવાનું સુજતું ના હોય એમ નટું સજ્જનસિંહની સામે જઈ હાંફતો-હાંફતો ઉભો રહ્યો.

ચા ના ઘૂંટ ભરી રહેલા સજ્જનસિંહે ત્રાંસી નજરે નટું સામે જોયું પરંતુ નટુનો ચહેરો પડી ગયેલો જણાયો. એટલે તેનાથી અચાનક જ બોલી જવાયું, 'શું થયું?'

'ક..કાકા...' નટુ જાણી જોઈને ગભરાવાનું નાટક કર્યું.

'ભસને... હરામી' સજ્જનસિંહને પણ કંઈક અમંગળના એંધાણ વર્તાયા એટલે અકળાઈને બોલ્યો.

'ભાભી નથી...'

'શું કે છે લ્યા...' સજ્જનસિંહ કપ-રકાબી પડતું મૂકીને ઉભો થઈ ગયો. 'ગઈ હશે ક્યાંક, જા જોઈ આવ.'

નટુને તો 'ભાવતું હતું ને વૈદે કીધું'... ઝડપથી તે બહારથી નીકળ્યો.

'ક્યાં ગઈ હશે.' સજ્જનસિંહ મનોમન ધૂંધવાઈ ઉઠ્યો. અગર જો પિયર જાય અને ત્યાં કંઈક વાત કરે તો પોતાના ગામમાં અને આજુબાજુના ગામોમાં પોતાની આબરૂ ધૂળ-ધાણી થવાની, કે પછી તે કેસ કરશે તો પોતે સરકારના ચક્કરમાં ફસાસે. હવે શું કરવું? એની ભાંજગડ એના મનમાં રમતી હતી. કારણ કે ગાયત્રી ગઈ એનો વસવસો એને હતો? ના... એ વસવસો એને નહોતો પરંતુ એને વસવસો માત્ર બે વાતનો હતો કે પોતાના દીકરાની વહુ ને કારણે પોતાની આબરૂની ધૂળધાણી થવાની એ વાત નક્કી. અરે ! સરકાર દરબાર થાય તો પણ પોતે પહોંચી વળે પરંતુ પોતાની વાસના ની ભઠ્ઠીમાં પરાણે શેકાયેલી ગાયત્રી અગર જો આપઘાત કરે તો શું જવાબ આપવો. નટું આવે ત્યાં સુધી રાહ જોવી અને પછી વેવાઈને ત્યાં રૂબરૂ જવું એવું નક્કી કરીને સજ્જનસિંહ વિજયને ફોન કરવા માટે અંદરના ઓરડામાં ગયો.

તો વાડીએ પહોંચેલો નટુ પણ પાછો આવી ગયો. જ્યાં પુછપરછ કરવા યોગ્ય ઠેકાણું હતું ત્યાં બધે જ નટું ફરી વળ્યો પરંતુ ભાભીના એંધાણ ક્યાંય નહોતા. તો ત્યાં ઓરડીમાં દેવરાજ પણ નહોતો.

બપોર થતા સુધીમાં તો આખા ગામમાં દેવરાજ અને ગાયત્રીની વાતો થવા લાગી. કેટલાક મોટીપાર માણસો તો સજ્જનસિંહના ઘરે પણ સલાહ-સથવારો કરવા આવી ગયા.

પણ રે જિંદગી...?

માણસ વિચારે છે શું? અને થાય પણ શું. માણસ એ સમયનો દાસ છે. દાસ થઈને પણ તે માલીક બનવાની ખ્વાહીશ રાખે છે. સમય એક એવી ચીજ છે જે રંક ને રાય બનાવે તો રાયને રંક. માનવી પાસા ફેંકે, સમય એનો નિર્ણય કરે. કયો પાસો કેમનો પાડવો એ વાત માનવી નથી જાણી શકતો.

અંતે જ્યારે સજ્જનસિંહ સાંજના એકલો પડ્યો ત્યારે કંઈક ગણતરી કરીને પછી નટુને બોલાવ્યો.



'ચાલ ! શહેરમાં જઈ આવીએ.'

નટુ પણ વિચારમાં પડી ગયો. કારણ કે કોઈ દિવસ આટલા પ્રેમથી નહી બોલનાર તેનો કાકો આજે જાણે કે સવાસેર સાકર ખાઈને બોલતો હોય. નટું તૈયાર થઈ ગયા. મુખ્ય સડક ઉપર આવીને સજ્જનસિંહે ગાડી મારી મૂકી.

સૂમસામ સડક...

પૂરપાટ વેગે દોડતી ગાડી...

એથી પણ ઝડપે બંન્નેનાં મગજ દોડતા હતા.

'દેવરાજ'... સજ્જનસિંહની સ્ટીયરીંગ પકડ વધૂ મજબુત બની.

'સાલો'... ગાયત્રીને પોતે ક્યારેય બહાર નીકળતી તો જોઈ નહોતી તો પછી આ બન્યું શી રીતે. પોતાની નજરમાં દેવરાજ પહેલેથી આવેલો હતો પરંતુ આજ સુધી ક્યાંય પણ કોઈ રીતે દેવરાજ શંકામાં આવ્યો નહોતો. ગામલોકો પણ દેવરાજને બદલે સીધો પોતાની ઉપર કીચડ ઉછાળતા હતા. પોતે ધાર્યુ હોત તો દેવરાજ ને તો તે દિવસનો કાઢી મૂક્યો હોત પરંતુ સામે દેવરાજ એક વર્ષનો લગભગ હિસાબ માગતો હતો અને ગામલોકો ને પણ અનેકવાર અનેકરીતની મદદ કરનાર દેવરાજ પ્રત્યે લાગણી હતી નહી કે પોતાના પ્રત્યે પોતે જાણતો હતો કે ગાયત્રી અને પોતાના વિશે ગામલોકો કેવી વાતો કરે છે. પરંતું વાઘને કોણ કહેવા જાય કે તારું મોં ગંધાય અને એમાંય પાછો આજે સવારનો દેવરાજ પણ ગુમ હતો એટલે પોતાની નિર્દોષતા સાબિત કરવા માટેનો રસ્તો સજ્જનસિંહ ને આપો-આપ મળી આવ્યો હતો.

પાછળની સીટ ઉપર બેઠેલો નટું પણ વિચારોની હારમાળા સર્જતો હતો. ગાયત્રી અને દેવરાજના અગાઉના કુણા સંબંધો તે જાણતો હતો પરંતું દેવરાજભાઈ ભાભી સાથે ભાગે એ વાત એના માન્યામાં આવતી નહોતી. કારણ કે ભાભીએ પોતાના સાસરીયામાં જે ઘટનાઓ બનતી હતી એ વાત ક્યારેય પોતાના પિયરપક્ષમાં પણ કરી નહોતી કે પછી ના તો દેવરાજને

કરી, તો બીજી તરફ બંન્નેએ ક્યારેય મળવાની તો ઠીક પરંતું સંદેશો કે'વાની પણ ચેષ્ઠા નહોતી કરી.

તો પછી સાચું શું?

નટું પણ અટવાય ગયો.





# પ્રકરણ - ૮

દરવાજામાં પગ મૂકતાં સજ્જનસિંહ ક્ષણ માટે ભય પામી ગયો. પરંતું એ પોતે ખુબ જ ભારાડી માણસ હતો. મુખ ઉપર જાણે મહેમાન ગતી માણવા આવ્યો હોય એવું હાસ્ય લાવી દીધું.

બારણું ખોલનાર સરોજબા, ગાયત્રીની મમ્મી, સજ્જનસિંહની વેવાણ, એમણે પણ ઉમળકાથી આવકાર આપ્યો, એટલે તો એ પામી ગયા કે હજુ અહીં સુધી વાત આવી નથી.

'તમે ચા-પાણી પરવારો ત્યાં સુધી હું એના પપ્પાને ફોન કરું છું.' કહીને સરોજ બા વિદાય થયા.

સોફામાં બેઠેલા સજ્જનસિંહ વાતની શરૂઆત ક્યાંથી કરવી એ વિશે વિચારતો હતો. કારણ કે સીધૂં કહેવામાં પૂરેપૂરું જોખમ હતું. નટું તો જાણે પ્રેક્ષક હોય એમ નિરીક્ષણ કરતો હતો. એને તો હવે શું થશે? એના વિચારોમાં અટવાતો હતો. પોતાના કાકાને એ સારી રીતે ઓળખતો હતો.

ગાયત્રીના પપ્પા આવીને 'જય શ્રી ક્રીષ્ણા' કહીને કપડા બદલવા અંદરની રૂમમાં ચાલ્યા ગયા.

બહાર લગભગ સાંજ પડવાની તૈયારીમાં હતી. જુમ્મરોમાંથી વેરાતો પ્રકાશ બેઠકખંડમાં પ્રસરતો હતો. વાતચીતનો દોર સામાન્ય ચાલતો હતો. વચ્ચે-વચ્ચે સરોજ બાએ ગાયત્રીના ખબર-અંતર પૂછ્યા પરંતુ સજ્જનસિંહે એ તરફ ધ્યાન આપ્યા સિવાય વાત નો વિષય બદલી નાખ્યો હતો. જ્યારે વેવાઈ તો વાત-વાતમાં હાસ્યના ફૂવારા ઉડાવતા હતા.

સજ્જનસિંહે હવે વાત જમી-પરવારીને કરવાનું નક્કી કર્યું. એને પોતાને ખાત્રી થઈ ગઈ કે હજુ અહીં સુધી વાત આવી જ નહોતી. જમી-પરવારીને બધા પાછા બેઠક ખંડમાં ગોઠવાયા અને સજ્જનસિંહે વાતનો દોર હાથમાં લીધો.

'બોલો વેવાઈ, બીજુ શુ ચાલે છે.'

'બસ…' મુખમાંથી આહ કાઢતાં તે બોલ્યા. 'આખો દિવસ હોટલ અને ઘર વચ્ચે સમય પસાર થાય છે.. ગાયત્રી હોય તો…'

'અરે ! એના હોવા ના હોવા નો સવાલ જ ક્યા છે' સજ્જનસિંહ તક જોઈને વચ્ચે બોલી ઉઠ્યો.

'કંઈ વાંક ગુનો ગાયત્રીનો…' દિકરીની વાત આવતા જ સરોજ બા વચ્ચે બોલી ઉઠ્યા.

'તમને હું શું કહું…' ઘણા દુઃખપૂર્વક જાણે સજ્જનસિંહ બોલતો હોય એમ બોલ્યો. 'તમારી દિકરીએ શું નથી કર્યું એ કહો.' જાણે ઉકળેલો દાવાનળ સળગ્યો.

'આ તમે શું બોલો છો.' અનુપમસિંહના ભવા વંકાયા.

'હા' જાણે અડધી બાજી પોતે જીતી ગયો હોય એમ સજ્જનસિંહ બોલ્યો, 'તમારી દિકરી….'



'જે કહેવું હોય તે સીધું કહી નાખો વેવાઈ, આમ ફેરવી-ફેરવીને કહેવામાં….' સરોજ બા થી ડૂસકું ભરાય ગયું.

'હા…વેવાઈ..સીધું બોલોને…' અનુપમસિંહ શાંત અવાજે બોલ્યો.

'વાત જાણે એમ છે વેવાઈ' સજ્જનસિંહે ખોટો નિશ્વાસ નાખ્યો. 'કે તમારી દિકરી અને અમારો પેલો નોકર… દેવરાજ.. કોણ જાણે આ બધું ક્યારનું ચાલતું હશે. અને વેવાઈ તમને તો ખબર છે કે આપણે ઝાઝી જંજાળવાળા માણસો, એક બાજું વિજયની બા-બિમાર છે. તો વળી વિજયને આ છેલ્લું વર્ષ છે.'

'હા એ તો છે જ ને' અનુપમસિંહ ધારદાર અવાજે બોલ્યા, 'સંસાર છે વેવાઈ ચાલ્યા કરે. એ તો ઉપરવાળાની દયા હશે એટલે તો બધું થયા કરવાનું અને…'

'શું કપાળ થયા કરવાનું…' વેવાઈની વાત વચ્ચે જ સજ્જનસિંહ બોલી ઉઠ્યો, 'આ તમારી દિકરી, પેલા દેવરાજ સાથે ભાગી ગઈ. શું એવું થયા કરે…'

'ના હોય…' અનુપમસિંહ ઉછળતા અવાજે બોલી ઊઠ્યા. એ શક્ય નથી. મારી દિકરી આવું ભાગી જવા જેવું કૃત્ય તો ના જ કરે?

'અરે..? ના કેમ કરે? અને આ થયું એ શું? સવારના મે બધે જ ફોન કરીને પૂછી જોયું પણ ક્યાંય પત્તો નથી. દેવનગરમાં પણ તપાસ કરાવી. બાકી એક તમે હતા. અને તમને તો મારે રૂબરૂ મળીને વાત કરવી હતી.' એકીશ્વાસે સજ્જનસિંહ બોલ્યો.

'મને લાગે છે વેવાઈ કે તમે ઘરનું ધ્યાન આપતા નથી અને તમને કહી દઉ છું' પોતાના અસલ મિજાજમાં અનુપમસિંહ બોલ્યા. 'કે મારે મારી દિકરી જોઈએ, કોઈપણ રીતે… અત્યાર સુધી આ બધુ બન્યું, તમે શું ધ્યાન રાખો છો.'

સજ્જનસિંહ મનોમન ઘૂઘવાય ગયો. કહેવાનું મન તો થયુ કે ધ્યાન આપ્યું ત્યારે તો આ બધું થયું પણ મોં ઉપર ગંભીરતા ધારણ કરતા તે બોલ્યો, ‘આ અકળામણ કરવાનો સમય નથી. સમજાવટથી કામ કરવું પડશે.’

‘તો પછી પોલીસમાં ફરીયાદ....’

‘ના...ના... એવી તો તમે વાત જ નહીં કરતા’ સજ્જનસિંહ ઉતાવળા અવાજે બોલી ઉઠ્યો. એને પોતાને ખબર હતી કે જો પોલીસ ફરિયાદમાં ગાયત્રી પોતાના જ સસરા દ્વારા કરવામાં આવેલી ગંદી રમતની વાત કરી નાખે તો સૌથી પહેલા તો સજા પોતાના નામે થઈ જાય અને શક્ય હોય ત્યાં સુધી આ વાતમાં તે દેવરાજ ને આગળ લાવવા માગતો હતો અને અનુપમસિંહની આટલી મોટી મિલ્કતમાંથી તો એ હાથે કરીને ખસી જવા નહોતો માંગતો. કારણ કે આ બધી ધમાલ તો ફક્ત આ મિલ્કત માટેની હતી. ગાયત્રી મળે કે ના મળે એની ચિંતા એને પોતાને નહોતી. પરંતુ ચિંતા એટલી જ હતી કે જ્યાં સુધી પોતાના જમાઈના નાતે આ બધી મિલ્કત વિજયના નામે ના થાય ત્યાં સુધી ધીરજ રાખવી પડે તેમ હતી.

‘મારી પણ ઈચ્છા ફરીયાદ કરવાની નથી...’ અનુપમસિંહ હતાશ અવાજે બોલ્યા. ‘છતા દિકરી મારી ભાગી છે...’

‘એ બન્નેને શોધવાની જવાબદારી મારી...? આજે નહીં તો કાલે મળશે તો ખરા જ? અને છેવટે તો એ મારા ઘરની મારા દિકરાની વહુ છે.’ સજ્જનસિંહ વ્યંગમાં બોલ્યો.

કંઈક ઈશારો કરતા સરોજ બા ઉઠીને અંદર ચાલવા લાગ્યા અને થોડી ક્ષણોમાં પાછા પણ આવી ગયા.

જુઓ આ માણસ...

માણસ... માણસને છેતરે છે. કાવા-દાવા કરે છે અને આ જુઓ અનુપમસિંહ અને સરોજ બા કેટલા સહજ છે. જીવતરની ગંભીરતાને તેઓ



સહજ સ્વીકારે છે. એમને પોતાને પણ ગાયત્રીની ચિંતા હતી પરંતુ સામે એટલો જ વિશ્વાસ એમને પોતાની દિકરી ઉપર હતો. દુઃખ તો એમને પણ થયું હતું કે પોતાની દિકરી અહીં આવવાને બદલે સીધી ક્યાંક ભાગી ગઈ.

‘ભલે’ અનુપમસિંહ દ્વાર તરફ જોતા બોલ્યા, ‘મારે કશું કરવું નથી પણ ગાયત્રી મળી જાય એટલે બસ. કારણ કે સમાજમાં ખોટો ફજેતો મારે પણ કરવો નથી અને અમારા આયખાનો છેલ્લો આધાર પણ ગાયત્રી છે.’

‘હું પણ એમ જ માનું છું’ સજ્જનસિંહ બોલ્યો, ‘ઘરની વાત ઘરમાં રહે એ સારું. બાંધી મુટ્ઠી લાખની. અને વાત જો બહાર પડે તો મારી... સજ્જનસિંહની નજર ઉઘડી રહેલા બારણામાં પડી અને એના દોશ કોશ ઉડી ગયા... છતાં પણ સમય જોઈ તે બોલી ઉઠ્યો, ‘વેવાઈ આ હરામી....?’

‘એ હરામી નથી...?’ અનુપમસિંહ રોદ્રરૂપે બોલી ઉઠ્યા, ‘આ..આ.. માણસને કારણે... મને સાચી વાતનું ભાન થયું.’

‘દેવરાજ પોતાના બચાવને કારણે તમને અવળે માર્ગે ચળાવ્યા છે.’ સજ્જનસિંહે પોતાનો પાસો ફેંકી જોયો. ‘આવે તો હું સારી રીતે ઓળખું છું. ગાયત્રીને એ જ ભગાડી ગયો છે અને પોતાનું સારું દેખાડવા એ તમારી સાથે ભરાયો છે. વેવાય તમે એના બહેકાવામાં આવી ગયા છો.’

‘બહેકાવામાં તો હું ત્યારે આવી ગયો હતો કે જ્યારે મે તેને મારા ઘરેથી કાઢી મૂક્યો હતો.’ અનુપમસિંહ બોલ્યા.

‘અરે શું વાત કરો છો?’ સજ્જનસિંહે તીર તાક્યું. ‘મને ખબર જ છે કે દેવરાજ ક્યાંય સીધો નથી રહ્યો.’

‘તમારી વાતનું રટણ કરવું રહેવા દો.’

‘તો પછી દેવરાજ સાચો છે એ વાતની વેવાય તમારી પાસે કંઈ સાબીતી છે.’ સજ્જનસિંહે છેલ્લો પાસો ફેંક્યો.

‘દેવરાજે આપેલી આ ડાયરી’ સોફા નીચેથી ડાયરી કાઢતા

અનુપમસિંહ બોલ્યા.

'અરે કાકા ! આ ડાયરી તો ભાભીની છે.' નટુ બોલ્યો.

'ચૂપ મર' સજ્જનસિંહ તાડુક્યો. 'વેવાય તમે હજુ પણ અંધારામાં છો. આ લફંગો ગાયત્રીને ક્યાંક મૂકી આવ્યો હોય એવું મને લાગે છે. નહીતર ગાયત્રીની ડાયરી એની પાસે ક્યાંથી હોય?'

'બસ હવે...' ચુપ-ચાપ માન જાળવીને અહીંથી તમારે જવું જોઈએ. કારણ કે આ ડાયરીમાં મારી ગાયત્રીએ એ બધું જ લખ્યું છે જે મારે નહોતું વાંચવું. અરે... તમારે જો પૈસા જ જોઈતા હતા.. મારી મિલ્કત જોઈતી હતી તો સામી છાતીએ બોલવું હતું ને? અરે સજ્જનસિંહ તને તો જીવતા પણ ના આવડ્યું. 'ચાલ હવે અહીંથી.. આ ઘરનો ઉંબરો હવે છોડીને ચાલતો થા' અનુપમસિંહ છેલ્લી હદે બોલતા હતા.

કોઈપણ રીતે પોતાની પોલ ખુલ્લી પડી ગઈ છે એ વાત સમજતાં સજ્જનસિંહને વાર ના લાગી અને એટલે તો અહીંથી ચાલ્યા જવામાં એને પોતાની સલામતી લાગી કંઈ પણ બોલ્યા ચાલ્યા વિના તે ચુપ-ચાપ ઉભો થઈ ગયો અને બહાર નિકળી ગયો.

'સન્નાટો છવાય ગયો.'

થોડીવાર પછી અનુપમસિંહ દુઃખી અવાજે બોલ્યા, 'બેટા આજે જો તું સમયસર...' કહેતા તે ડુસકું ભરી ગયા.

'ના..શેઠ.. તમે આમ ઢીલા થઈ જશો તો પછી?' દેવરાજ પણ ઢીલા અવાજે બોલ્યો.

'હવે તો ગાયત્રીને ગોતવી પડશે. પરંતુ ધ્યાન હવે એટલું રાખવાનું કે આ વાત ક્યાંય બહાર ના જાય. કારણ કે મારી ગાયત્રીને મારે સુખી જોવી છે. એના હાથ ફરીથી પીળા કરવા પડશે અને જો લોકોમાં હો-હા થાય તો પછી પતી ગઈ વાત. કોઈ એનો હાથ પકડવા તૈયાર તો ના થાય ઉપરથી



મ્હેણા-ટોણાથી એનું જીવતર ઝેર થઈ જાય.'

'તમારી વાત સાચી છે' સરોજ બા ગંભીરતાથી બોલ્યા.

'અને દેવરાજ તારે તો હવે ક્યાંય જવાનું નથી. તને મે અગાઉ જાકારો દિધેલો પરંતુ તારી આ મહાનતા ઉપર મને ગર્વ થાય છે' અનુપમસિંહ બોલ્યા.

'ના... શેઠ...'

'અરે શેઠ નહી કહેવાનું દેવરાજ' અનુપમસિંહ સ્નેહ સહ બોલ્યા. તારે તો મને કાકા કહેવાનું. મને તારી ઉપર અને ગાયત્રી ઉપર પુરો વિશ્વાસ છે અને એમાં પણ ગાયત્રીએ છેલ્લે લખ્યું છે કે મારી ચિંતા તમે કરશો નહીં. અને ચિંતા ના કેમ કરું? છેવટે હું એનો બાપ છું પણ મને એની ઉપર વિશ્વાસ છે કે તે કશું જ ખોટું નહીં કરે. ચાલો હવે સૂઈ જાવ... અનુપમસિંહ ઉભા થયા.

વિજય પણ જઈને પથારીમાં પડ્યો પરંતુ ઉંઘ તો એને કેમ કરીને આવે. જિંદગી આજે પોતાને ક્યાં લાવીને મૂકી દીધો જિંદગીએ મને ઢેબે ચડાવી દીધો છે. નહીતર તો આટલી નાની ઉંમરમાં આટ-આટલા કડવા અનુભવો કંઈ હોતા હશે. મીઠો અનુભવ તો માત્ર ગાયત્રીનો હતો એ પણ હવે ક્યાં હશે. જિંદગીએ હંમેશાં દેવરાજને વેઠવાનું આપ્યું હતું. અત્યાર સુધીનું મારું મીઠું સ્મરણ હોય તો એ ગાયત્રી અને મારી વચ્ચે પ્રથમ થયેલા લાગણી ભીના સંબંધોનું?

ગાયત્રી સુખી થાય એ જ મારી ઈચ્છા છે. એનું સુખ એ મારું સુખ, મારું દુઃખ એ મારું દુઃખ અને એનું દુઃખ એ મારું દુઃખ... બસ...

જિંદગી જાણે કે દેવરાજ ઉપર કોપાયમાન છે કે પછી દેવરાજ જિંદગી ઉપર કોપાયમાન છે.

'જીવનમાં બની ગયા અજાણતાં તમે હમસફર
ચાલી-ચાલી થાક્યો જીવનસફર પર.
આંસું ઉડી જાય છે અહીં બાષ્પ થઈ
નયન થાય છે ભીનાં થઈ અહીં કોરાં.
જીવતર ગુજારીશું આંસુ પીને
નહીતર પ્રેમ વાદળીના પીને ફોરાં.
તરસ્યા અમે હતા તરસ્યા જ રહીશું
દિલના સ્પંદનો માત્ર તમને જ કહીશું
તમને ફૂલ મળે, મને ફક્ત કંટક
જીવનમાં આવ્યા બની તમે શબનમ
દૂર-દૂર તમને શોધે નયન
વેદનાની જલન હૈયે અણનમ
પુષ્પની જેમ શીખો ફોરમને આપતાં
નહીતર વેગળો થઈ, થઈશ લાપતા.'

અને દેવરાજની આંખમાંથી ગરમ આંસુઓ વહી ગયા. એનું હૈયું આજે ચોટ ખાઈ ગયું હતું. એકલા જખમથી એની જીંદગી ભરાયેલી હતી. પોતે તો કશું જ પામવાના અભરખા દેવરાજને નથી. પરંતું પોતે જેટલું પામતો નથી એથી વિશેષ તો એના ભાગમાં ખોવાનું આવે છે. છતાં પણ ખુશ હતો. પોતાનું કહી શકાય એવું એનું એક તો માણસ હતું...ગાયત્રી.

બાપ મર્યો... મા મરી...

ઉષ્માભર્યુ જીવન જીવતાં શીખવનાર ગાયત્રી આવી. તો એનાથી દૂર થવું પડ્યું. વળી પાછી જિંદગીમાં કડવાશ આવી. તો વિજયના ઘરે ગાયત્રી નામનું અમી જરણું આવ્યું. અને એ જરણું તો વિજયના અસ્તિત્વને ઓગાળી ગયું.

સમય સરતો ગયો.



તો વચ્ચે એકવાર અનુપમસિંહે દિકરી ખોવાયાની પોતાના ઓળખીતા ઓફીસરને વાત પણ કરી ઓફીસરે હૈયા ધારણા આપી કે પોતે શક્ય એટલા પ્રયત્ન કરશે પરંતું આખરે... ગાયત્રી ના મળી. અનુપમસિંહ ને વસવસો તો હતો પરંતુ અત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હતું. મનોમન હવે તે પડી ભાંગ્યા હતા. હોટલની સર્વે જવાબદારી હવે દેવરાજ સંભાળતો થયો હતો.

દેવરાજ માટે તેમણે બે-ત્રણ સારી જગ્યાએ કન્યા માટે વાત પણ કરી હતી પરંતુ દેવરાજ તેમની વાતમાં ધ્યાન આપતો નહોતો. દેવરાજ અને ગાયત્રીને છૂટા પાડવાનું પાપ પોતાના માથે છે એવું અનુપમસિંહને લાગતું હતું... પણ હાય રે કિસ્મત... તારી કસોટીનો પાર નથી.

એક પંખી ચાંચમાં લઈ
ડુંગર દુઃખના વિહરે અનંત આકાશે
નિદ્રામાં પોઢી, એક માણસ
દુઃખ ભુલવા, પ્રયત્ન કરે
કંબલ ઓઢી...

વાસ્તવિકતા હતી આ... જેને દુઃખનો અહેસાસ છે તેને સુખનો આભાસ પણ મળતો નથી. દેવરાજને અહીંથી જવુ હતું પરંતુ તે હવે શક્ય નહોતું. કારણ કે અનુપમસિંહ અને સરોજબેનની ચિંતા હવે દેવરાજને થવા લાગી હતી.

# પ્રકરણ - ૯

સમય સરતો ગયો.

ગાયત્રી હવે તો ખુશહાલ હતી તેમ છતાં પણ હૈયાના કોઈક એક ખૂણામાં દેવરાજ હતો. પોતાની સાસરી કરતા પણ તે અહીં ખુશ હતી.

વહેલી સવારે લગભગ ત્રણ વાગ્યાના સમયમાં ગાયત્રી ભાગી હતી. આખી રાત ઉજાગરો કરીને પથારીમાં પાસા ધરતી પડી રહી હતી. સજ્જનસિંહની અવર-જવર પણ એનાથી અજાણ નહોતી. એ પોતે જાણી ચૂકી હતી કે વિજય અને સજ્જનસિંહના ડોળાં પોતાના પપ્પાની મિલ્કત ઉપર ફરતા હતા. અને આમેય સાસરીમાં આવીને તે ક્યારેય ખુશ નહોતી રહી શકી. પતિનો વિયોગ વેઠાય પરંતુ વિજય તો એની ઉપેક્ષા કરતો હતો. એનો છાંયો પણ પડવા દેવા માગતો નહોતો. અને પોતાના જ ભોળપણમાં તે સજ્જનસિંહની વાસનાનો શિકાર બની ગઈ. બાપ સમાન સસરો જો હદે જઈ શકતો હોય તો પૃથ્વીનો પ્રલય થવામાં હવે બાકી પણ શું રહે.

ઉમળકાભેર સાસરે આવેલી પોતાને ક્યાં ખબર હતી કે ભુતકાળ એનો પીછો નહી છોડે. સાસરીમાં આવ્યાને મહીના બાદ તેને ખબર પડી કે



દેવરાજ અહીં છે. એને મળીને વાત કરવાનું તો શક્ય નહોતું પરંતુ પોતાને જીવી લેવાય. જેને ક્યારેક જોવાથી હૈયાની પીડા ઓછી થાય એવો એક માણસ કે જેને પોતાનો કહી શકાય એ દેવરાજ મળી ગયો. એમાં વળી નટું મળ્યો.

ગાયત્રી ક્યારેક નટુને દેવરાજ વિશે પુછતી પરંતુ દેવરાજે ક્યારેય નહોતું પુછ્યું. આ જ દેવરાજની મહાનતા હતી. ઘરેથી તો ગાયત્રીએ નક્કી કર્યુ હતું કે દેવરાજને સાથે લેવો. પરંતુ એનું મન વારંવાર ના પાડતું હતું. કારણ કે પોતે તો સારી રીતે જાણતી હતી કે દેવરાજ બિચારો પહેલેથી દુઃખનું પોટલું ઉપાડીને ફરનારો માણસ હતો. અને એટલા માટે જ દેવરાજ પોતાના વિશે બીજુ ના વિચારે એટલે તો પોતાની ડાયરી દેવરાજના ઓશીકે મૂકી ચૂપચાપ પલાયન થઈ ગઈ. પોતાની નિર્દોષતા અથવા તો પોતાની જિંદગીમાં બની ચૂકેલી ઘટનાઓ એ માત્ર દેવરાજને તે જણાવવા માગતી હતી. અનેપોતે ક્યાં ખોટું કરીને જઈ રહી હતી. ક્ષણ માટે તો એ પોતાના ભાગી જવાના વિચારને પડતો મૂકવાનું મન થયું છતાં પણ એ એમ ના કરી શકી. અને ભવ-ભવનો થાક ઉતારતા દેવરાજ સામે જોઈ મનોમન વંદન કરીને ચાલી નીકળી.

દેવરાજ સવારે ઉઠ્યો ત્યારે એ પણ હચમચી ગયો કે...

“તમારી સંગાથે મારે પણ જોઈએ, જે હોય તે
સપના, યાદ, વિરહ, વેદના લઈએ, જે હોય તે.
નથી સહેલો ક્યારેય અખૂટ દરીયો ખુદવાની તમન્ના
ક્યાંક સિતમના સાત ફેરાં લઈએ, જે હોય તે.
ભગવાને પ્રેમે દીધેલો વિરહ નામનો પ્હેલો દિકરો
ભાગ્યના ભરોસે પછી તેમાં લઈએ, જે હોય તે.
કદાચ સમજ્યા હવે, હાસ્ય વેરતું ચિત્ર છો તમે

ચિત્રકાર ભેળા મળીને રળીએ, જે હોય તે.
પ્રતિક્ષા બાજુ જુઓ, મગર શું એકલા જાશો
હમણાં તો શણગારેલ વિરહ લઈએ, જે હોય તે.''

પોતાને ક્યાં જવાનું છે એ તો ગાયત્રીએ નક્કી જ કરી નાખ્યું હતું. અહીંથી દુરના શહેરમાં....

અત્યારે તેના મનમાં નહોતો ભય કે નહોતુ પાપ. એ પોતે જાણતી હતી કે આ ખોટું થાય છે તેમ છતા પણ તે પોતાના મમ્મી-પપ્પા પાસે જવા નહોતી માગતી. કારણ કે પોતાની બધી હકીકત તેમને જણાવીને એ દુઃખી કરવા માગતી નહોતી. અને સજ્જનસિંહને તે સારી રીતે ઓળખી ચૂકી હતી. એ પોતે જાણતી હતી કે જો પોતે પિયરમાં હશે તો ગમે તેવા ગપગોળા ગબડાવીને પોતાના મમ્મી-પપ્પાને ભોળવીને સજ્જનસિંહ પોતાને ત્યાં લઈ જશે એટલે તો પોતે ભાગી જવાનું નક્કી કર્યુ હતું. અને એમાંય સજ્જનસિંહ પાપ પોતે ઉછેરતી હતી.

સવાર આઠ વાગે તો ગાયત્રી મેઘાના ઘરે પહોંચી ગઈ. મેઘા અને ગાયત્રી કોલેજમાં એક જ બેન્ચના સહપાઠી હતા. ઉષ્માભેર અપાયેલા આવકારામાં ગાયત્રીને શાતા લાગી.

ડૉ. આશુતોષ અને ડૉ. મેઘાનું દામ્પત્ય જીવન ખુબ ખુશ હતું. અને એમાં પણ ગાયત્રી આવી જાણે કે સોનામાં સુગંધ ભળી.

આશુતોષ ને તો પોતાની સગી બહેન કરતાય વધુ વહાલ હતું. ગાયત્રી ઉપર તો મેઘા પણ ખુશ હતી. ઘરમાં બીજું કોઈ નહોતું. આશુતોષને પોતાની હોસ્પીટલ હતી. મેઘા પણ એના કામમાં મદદ કરતી. આખો દિવસ માત્ર ગાયત્રી ઘરે એકલી જ રહેતી.

સમય વિતતાં મેઘાએ ગાયત્રીના ઉદરમાં રહેલા સજ્જનસિંહના પાપને કાઢી નાખ્યું.



સમય સરતો રહ્યો.

ગાયત્રી પણ એ તો દવાખાને જવા લાગી. આખો દિવસ દોડધામમાં સમય ક્યાં પસાર થતો હતો એની ખબર પણ નહોતી પડતી. આશુતોષની સાથે બેસીને તે હિસાબનું કામ કરતી. પોતાના કામથી તે ખુશ હતી. મેઘા અને આશુતોષ પણ.

ગાયત્રી ક્યારેક કહેતી, 'મારે હવે જવું જોઈએ.'

મજાકભર્યા પ્રેમથી આશુતોષ કહેતો, 'બહેન ક્યારેય એના ભાઈના ઘરેથી ભાગે નહી.'

'સાચી વાત છે.' મેઘા પણ ટેકો પુરતી. 'હવે થોડો સમય રોકાઈ જા.. તને એકલી જાવા દેવાય.. આ તારા ભાભી તને મૂકવા આવશે બસ'

અને ગાયત્રી પ્રેમને વશ થતી.

વિજયને અચાનક લડવાની બિમારી ઉપડી હતી. હોસ્ટેલના વોર્ડન સુંમંતરાયે તુરત જ એને મોટી હોસ્પીટલમાં દાખલ કરી દીધો.

સંજોગો જુઓ...

સમય જુઓ...

આપણે જેની સામે નથી જવું એ આપણી સામે આવીને ઊભો થઈ જાય છે. તો પછી એનાથી પુઠ તો ફેરવાય જ નહીં.

ટહુકાને નથી કોઈ બધન માટે
બહેકાટનું હવે ત્યાં ઘર નથી
જીવનમાં શું એકલો હું કરું
મને જ્યાં કોઈનું નડતર નથી
અશ્વ માસ્ક દિ' આખો રખડ્યા કરું
માણસ અહીં તારી કોઈ પરણેતર નથી
ઈચ્છતો થયો, ભોગ ભોગવતા

તેથી તે હવે કોઈ નીડર નથી.
મોહ છે ખુબ જિંદગીનો પણ
ભીતરથી રહ્યો હંમેશાં ભર્યો-ભર્યો
માટે જ હવે કોઈ ઘરબાર નથી.

ગાયત્રી પોતાના ટેબલ ઉપર કંઈક લખી રહી હતી. તો બાજુના ટેબલ ઉપર મેઘા પણ કોમ્પ્યુટર ઉપર કંઈક કરતી હતી. ગાયત્રી નો હાથ કંઈક લખતો હતો પરંતુ મન તો ક્યાં હતું એની એને પોતાને પણ ખબર નહોતી.

એસીની ઠંડક આખા કમરામાં પ્રસરેલી હતી.

આશુતોશ કોઈ દર્દીના સગા સાથે વાત કરી રહ્યો હતો.

ગાયત્રીને પોતાના મમ્મી-પપ્પા યાદ આવી રહ્યા હતા.

મેઘા વિચારી રહી હતી કે સારુ ઠેકાણું મળે તો ગાયત્રીને બતાવી જોઉ, પરંતુ વચ્ચે જ ગાયત્રીએ કહેલું કે દેવરાજ તેનો પ્રાણ છે. એટલે મેઘા અટકી ગઈ હતી. અને આમેય અહીં આવી ગાયત્રી એ કંઈ બેઠા-બેઠા તો ખાધું નહોતું. મહીને તે એક દશ હજારના પગારદાર જેટલું કામ કરતી હતી. અને આમેય ગાયત્રીથી પોતાનો પતિ આશુતોષ ખૂબ ખુશ હતો કારણ કે એને બહેન મળ્યાનો સંતોષ હતો. અને મેઘા ને તો પોતાના પતિની ખુશીમાં જ પોતાની ખુશી હતી.

જુઓ માણસની જિંદગી.

પુષ્પ ખીલવવા છે મારે પણ ડુંગર ઉપર પણ એ વાત હવે બને નહી. કારણ કે ડુંગર ઉપર માટીની ખોટ છે. એ ખોટ મારે પુરી કેમ કરીને કરવી, કારણ કે ડુંગર ઉપરનો પથ્થર એ કુદરતનું સનાતન સત્ય છે અને એ સત્યથી વેગળું થવું એ મને પરવળે તેમ નથી.



# પ્રકરણ - ૧૦

દેવરાજ...

જિંદગીના અનેક રંગો જોનારો માણસ.. આટલી નાની ઉંમરમાં જ્યારે તે અનુપમસિંહના ઘરે સ્થાયી થયો પરંતુ ત્યાં ગાયત્રી નહોતી. કોણ જાણે કેમ જિંદગી પોતાની સાથે કંઈક અંગત વેર વાળવા માગતી હતી. નહીતર તો આટલું બધું દુઃખ કંઈ એકલા પોતાને ખમવાનું તો ના હોય ને?

અનુપમસિંહ હવે માત્ર વિશ્વાસના ચણતર ઉપર ઉભા હતા. ગાયત્રીના આવવાના કોઈ એંધાણ પણ હવે મળતા નહોતા. સજ્જનસિંહ સાથેનો સંબંધ તો હવે લગભગ કાપી જ નાખ્યો હતો. 'કુદરતને ત્યાં ન્યાય છે' એ બ્રહ્મવાક્ય સાથે જીવનારા તેમને જ્યારે વિજયની ખબર મળી ત્યારે ખરેખર ન્યાયની વાત સાચી લાગી અને માનવતાને કારણે એના ઘરે તો નહી પરંતુ સીધા દવાખાને ખબર લઈ આવવાનું નક્કી કર્યું. આ હતી માનવતા, આ હતી દયા.

દેવરાજની ઈચ્છા તો નહોતી છતાં પણ સરોજબાની પ્રેમભરી ધમકીએ

તેને લાચાર કર્યો. 'ક્યાંય જાય છે તું બહાર? બસ આખો દિવસ ઘર અને હોટલ...અને...'

'એવું નથી બા...પણ...દેવરાજ વચ્ચે જ બોલ્યો હતો.'

પછી સહેજ ગંભીર થતાં તેઓ બોલ્યા, 'અરે... અમે માવતર થઈને બધું ભુલવા માંડ્યા છીએ તો તારાથી...' તેમનાથી અનુપમસિંહ સામે જોવાય ગયું.

'હા બેટા...? ભુલ તો મારી હતી.'

'તમે મને શરમાવશો નહી કાકા...' દેવરાજ બોલી ઉઠ્યો.

'હું જાણું છું જિંદગીએ તને કશું નથી આપ્યું. જે આપ્યું હતું એ મારા કારણે છીનવાય ગયું.'

એ તમારી ભુલ છે કાકા 'દેવરાજ ગંભીરતાથી બોલ્યો' જીંદગીએ મારી પાસેથી જેટલું લીધું એનાથી સવાયું મને તમારા અને બાના રૂપમાં આપ્યું. એ કંઈ થોડું છે.

'હવે તો બેટા તું સુખી થાય એ જ અમારે જોવું છે. સરોજ બા લાગણીભર્યા અવાજે બોલ્યા.'

'હું તો ખુશ જ છું બા અને બસ હવે બીજી કંઈ ઈચ્છા નથી તમારી સેવા કરતા-કરતા આ આયખાને પુરું કરવું છે.

અનુપમસિંહ ને લાગ્યું કે દેવરાજની ઈચ્છા હવે બધામાંથી મરી પરવારી છે. એને ગાયત્રી વગર નહોતું ગોઠતું એ વાતની નોંધ તેઓ ઘણા સમયથી લેતા આવ્યા હતા. સરોજ બાના કહેવાથી માત્ર દેવરાજ માટે ગાયત્રીની શોધ પણ કરી હતી પરંતુ વ્યર્થ કે તનો અણસાર સુધ્ધા મળ્યો નહોતો. એકવાર દેવરાજનું મન તપાસવા વાત પણ મૂકી હતી કે 'કદાચ ગાયત્રી આ દુનિયામાં ગાયત્રી ના હોય તો?' ત્યારે એ કંઈ બોલ્યો નહોતો પરંતુ જાણે કે સ્વગતઃ બોલતો હોય એમ એના અંતરમાં એ બોલ્યો હતો જે



શબ્દો બહાર પણ નહોતા આવી શક્યા.'

'હું છું તો ગાયત્રી પણ હોવી જોઈએ.'

ત્યાર પછી ક્યારેય દેવરાજને દુઃખ થાય એવી વાત એ બંન્નેમાંથી કોઈ કરતા નહોતા. હવે તો દેવરાજ એમનું સર્વસ્વ હતો. કોણ જોઈ શકે છે. સંબંધોની આરપાર...

દેવરાજ ડ્રાઈવીંગ કરતો હતો.

અનુપમસિંહની ઈચ્છા તો નહોતી કે તે વિજયને જોવા માટે દવાખાને જાય પરંતુ માનવતાને વશ થઈને કે પછી ગમે તે હોય... પરંતુ એમણે જવાનું નક્કી કર્યુ. આમેય સજ્જનસિંહ પોતાના દુરના સગાનો સગો હતો.

દેવરાજ પોતાના વિચારોમાં ખોવાયેલો હતો. ચૂપચાપ રસ્તો સરકતો હતો.

"અહી આભ છે થયું ઘાયલ
સીવવાને સોય કે દોરો નથી.
જીવન ભરપુર તો હોય સંઘર્ષથી
તેમાં ખાવાને ક્યાંય પોરો નથી.
ખુંદી વળ્યો આકાશનું પડખું આખું
તો'ય મળ્યો રંગ ક્યાંય ગોરો નથી
પ્રસંગોના કાદવમાં ખરડાતા જીવનને
હવે કોઈ પાણીનો સહારો નથી
જ્યાં માંડ્યું છળ, હવે પાખંડીએ
ત્યાં આભાસનો આતમ કોરો નથી."

'બેટા ક્યાંક હોટલે ગાડી ઉભી રાખજે' સરોજબાએ કહ્યું.

'ભલે બા' દેવરાજ પુનઃ વિચારોમાં ખોવાય ગયો.

એક હોટલ આવતા દેવરાજે ગાડી સાઈડમાં કરી. ચા-નાસ્તો કર્યા

પછી દેવરાજ પુનઃ ગાડીમાં આવીને બેસી ગયો. અનુપમસિંહ બીલ ચૂકવવા કાઉન્ટર પાસે ઉભા હતા. સરોજ બા એમનાથી થોડે છેટે ઉભા હતા. બીલ ચુકવાય ગયા બાદ તેઓ હોટલના પગથીયા ઉતરીને કંઈક વાત કરતા હતા.

‘જોઈએ તો ખરા, પણ દેવરાજ નહીં માને તો?’

‘એ તમે મારી ઉપર છોડી દો. તમને ના પાડે પરંતુ મારો બોલ એ નહી ટાળી શકે’

‘હું પણ એજ વિચારું છું. આપણા કિસ્મતમાં તો જે થયું એ થયું. આપણે પણ એક વહુ મળ્યાનો આનંદ થશે. અને મરતા-મરતા થોડું પુણ્ય પણ મળે.’

‘સાચી વાત.’ સરોજબા હર્ષ સાથે બોલ્યા.

એમના બંન્નેના સપનાના મહેલને જાણે ભાંગવા માગતી હોય એમ એક બસ ધડાકાભેર ગાડી સાથે અથડાઈ પડી.

દેવ..રાજ... અનુપમસિંહના મુખમાંથી ભયંકર ચીસ પડી.

એસ.ટી.બસનો ચાલક પોતાનો કાબુ ખોઈ બેઠો હતો અને ગાડીની અંદર બેઠેલા દેવરાજ સાથે ધડાકાભેર બસ અથડાઈ થોડીવારમાં ત્યાં ખાસ્સું મોટું ટોળું જામી ગયું.

અનુપમસિંહ અને સરોજબા બેબાકળા બની ગયા હતા. અત્યારે બીજો કશો વિચાર કરવાનો સમય નહોતો. ગાડીની અંદર દેવરાજ લોહી નીતરતી અવસ્થામાં અર્ધબેભાન હાલતમાં હતો. લોકોએ ધીમેથી દેવરાજને બહાર કાઢ્યો, અને બીજી ગાડીમાં તેને હોસ્પીટલ ભેગો કર્યો.

રે... જિંદગી...

કેટલાક લોકોએ સલાહ પણ આપી કે પોલીસ કેસ કરો કે પછી એમ્બ્યુલન્સ મંગાવો પરંતુ અનુપમસિંહ એટલી રાહ જોઈ શકે તેમ નહોતા. દેવરાજ માટે તેઓ એક સેકન્ડ પણ લગાડવા તૈયાર નહોતા. અને આમેય



આજે રવિવારનો દિવસ હતો એટલે તેમને સરકારી દવાખાનું રૂચતું નહોતું. સરોજ બા તો જાણે પોતાનો વ્હાલસોયો એકનો એક દિકરો હોય એમ દેવરાજનું માથું ખોળામાં લઈને એકધારાં રડી રહ્યાં હતાં.

દેવરાજના નાના-નાના જખ્મોમાંથી લોહી ટપકી રહ્યું હતું.

હોસ્પીટલે પહોંચવામાં બહુ સમય વેડફાયો તો નહોતો. પરંતુ રવિવાર હતો. ડૉક્ટર ગેરહાજર હતા છતા પણ અનુપમસિંહે ઈમરજન્સી કેસ લખાવ્યો. એક નર્સે તાત્કાલીક ડૉક્ટરને ફોન કરી દીધો.

જરૂરી દવાઓ ચાલુ કરી દીધી પરંતુ તેમ છતાં પગનું હાડકું ભાગેલું જણાતું હતું...કદાચ ઓપરેશન કરવું પડે.

# પ્રકરણ - ૧૧

અંદરની રૂમમાં ઓપરેશન ચાલુ હતું.

અનુપમસિંહ અને સરોજ બા ચિંતાતુર નયને બેઠા હતા.

અનુપમસિંહ વિચારી રહ્યા હતા કે, કેમ દેવરાજ સાથે જ આટલો બધો અન્યાય થાય છે. બિચારો માંડ ઠેકાણે પડવા જાય છે અને કુદરત એવી થાપટ મારે છે કે...

'દેવ..ને કેમ થશે.'

સરોજબાના એક કથનથી અનુપમસિંહનું અસ્તિત્વ હચમચી ગયું. 'સારું થઈ જશે?' પોતે એને પરણાવવા માગતા હતા. અગાઉ પોતે કરેલા અન્યાયનું ઋણ ચૂકવવું હતું પરંતુ કિસ્મત..તારી કરામત... ધાર્યુ ધણીનું થાય, માનવીનું ના થાય. ડૉક્ટર ઓપરેશન રૂમમાંથી બહાર આવતા જણાયા એટલે બંન્ને ઉભા થઈ ગયા.

'કેવું છે દેવ ને?'

'સારું છે હવે.. સવાર સુધી ભાનમાં આવી જશે. વધારે તો કંઈ જખમ નહોતા પરંતુ પગના હાડકાનું ઓપરેશન કરવું પડ્યું છે. ચિંતા ની કોઈ જ વાત નથી. સવારે તમે એની સાથે વાત કરી શકશો. અત્યારે આરામ કરવા દો.' કહીને ડૉક્ટર ચાલ્યા ગયા.



અનુપમસિંહને ખબર હતી કે વિજય પણ આ દવાખાનામાં છે. પરંતુ અત્યારે રાતના લગભગ સાડા નવ થવા આવ્યા હતા. એટલે સવારે જોઈ લેવાશે એમ વિચારી મૌન રહ્યા.

આખી રાત સરોજબા મટકુંય માર્યા વિના દેવરાજના ઓશીકા પાસે બેસી રહ્યા. કેટલી વાર ભગવાનને પણ ભાંડી નાખ્યો. એમ ને એમ સવાર પડી ગયું. દેવરાજ હવે વાત કરી શકતો હતો.

દેવરાજ પણ બોલ્યા વિના ચૂપચાપ પોતાના નસીબને કોષતો પડ્યો હતો.

સવારમાં અનુપમસિંહ વિજયની ખબર જોવા પણ ગયા. વિજયે પોતાના પિતાએ કરેલી ભૂલની ક્ષમા પણ માગી.

દેવરાજ છત સામે તાકી રહ્યો હતો.

એમ જ તમારાથી મુખ ફેરવ્યું હતું અમે પણ
સામે જ તમે દેખાયા
સામે જ દુર થવા તો દોડ લગાવી પણ
દોડતા સાથે તમે દેખાયા.
થાકી ગયો છું હવે, તેમ છતાં આરસીમાં
મારી સાથે તમે દેખાયા.
દુર થવું છે તમારાથી પણ... અમારી
સાથે કાયમ તમે દેખાયા.
આંસું અટવાય પડે આંખો મહી. તેની
ખારાશ સાથે તમે દેખાયા.
બસ...
જખમ ઉપર ઘા ઝીલતા જઈએ તો પણ
જીવન કેડી ઉપર તમે દેખાયા.

સવારમાં ચાની લારી આગળ ચા પી રહેલા દિવાળી બાની નજર અચાનક મેઘા ઉપર પડી, એમણે અનુપમસિંહને બતાવ્યું.

'મેઘા' અનુપમસિંહે બુમ મારી...

'મેઘાની નજર પણ બંન્નેની ઉપર પડી અને હર્ષ સાથે દોડી આવી. એકબીજાના ખબર અંતર પૂછ્યા. 'ચાલો અંદર બેસીએ' મેઘાએ સૂચન કર્યું. પાછળ ચાલતા સરોજબાએ જોયું કે મેઘા સાથેના માણસને કંઈક કહી રહી હતી.'

'રૂમની અંદર બેસતા જ મેઘાએ પરીચય આપ્યો. 'કાકા આ તમારા જમાઈ..' અને ખડખડાટ હસી પડી.

'હા અમે રાત્રે મળ્યા હતા.'

'કોણ છે અહીં બા?' મેઘાએ પ્રશ્ન કર્યો.

'દેવરાજ.....'

આશુતોષના હાથની પેન થંભી ગઈ. મેઘાની વાચા હણાય ગઈ. જાણે કે હરખની લહેર બંન્નેના દિલોદિમાગ ઉપર ફરી વળી.

'સારુ કાકા તમે બેસો હું ઘરે જઈને હમણાં આવી. અને તમારા માટે કંઈક લઈ આવું' આશુતોષ સામે જોઈ મેઘા બોલી.

'અમે દેવ સાથે બેસીએ' કહીને અનુપમસિંહ ઉભા થયા.

સરોજબા મનોમન દેવરાજ ઝડપથી સાજો થાય એ માટે ભગવાનને પ્રાર્થના કરતા હતા. અનુપમસિંહ બાજુમાં બેઠા હતા. દેવરાજ જાણે આંખનું રતન હોય એમ.

'મારા કારણે તમે હેરાન થાવ છો બા.'

'એવું કેમ બોલે છે. બેટા.. ગયા જનમના લેણદેણ હશે આતો નહીતર...'

બારણે ઉભેલી મેઘાને જોઈને તેમની વાત અટકી પડી. સાથે આશુતોષ પણ હતો અને એ બંન્નેની પાછળ ગાયત્રી ઉભી હતી.

અનુપમસિંહે આંખ ચોળી.

સરોજબા ઉભા થઈ ગયા.

વિચારો કેવું દશ્ય સર્જાયુ હશે?

ઘડીભર તો શું બોલવું એ પણ કોઈને ભાન નહોતું. માતા-પિતા ને



ઉષ્માભેર ભેટી પડતા ગાયત્રીનો હર્ષાશ્રુનો ધોધ વહી નિકળ્યો. એકબીજાના ખબર અંતર પૂછ્યા.

'તમે બેસો અમે મેઘાને મળી આવીએ.' કહીને અનુપમસિંહ અને સરોજબા ગયા.

બે માણસો સાથેનો કમરો એકાંતમય હતો.

ઓશીકાના ટેકાથી અડધા બેઠેલા દેવરાજની છાતી ઉપર માથું મુકીને ગાયત્રી ક્યાંય સુધી રોતી રહી.

'દેવ કેમ છે તને હવે?'

'બસ, જીવું છું.'

'હવે હું આવી ગઈ છું દેવ... હવે હું... આવી ગઈ છું.. જાણે વર્ષોની પ્યાસ બુઝાવવા માગતી હોય તેમ ગાયત્રી, દેવરાજ ના સ્વાલીંગનમાં જકડાઈ ગઈ.'

પળેપળ જીવી લેવાની આશ છે
'હું' ને 'તું' તો એક સમયના દાસ છે.
રંગીન જિંદગીમાં યાદના પડ નીચે
માત્ર મળી લેવાની જરૂર ખાસ છે.
સમજતા અટવાયો હતો અહીં તને
જિંદગીની નિશામાં રહ્યો દિ' અમાસ છે.
કે'વાય તારી અને મારી પ્રિત એ સમય
વેદના પછીની એકમાત્ર રાખ છે.
અહીં વર્ષો વિત્યા છે તારી ઝંખનાથી, માત્ર
તારી આશાએ, મળવાની હૈયે હાશ છે.